ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

મુખપત્ર

Published on 28th Every Two Month

## ૫ જૂન, ૨૦૨૫ વિશ્વ પર્યાવરણ દિવસ




વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-     છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૨૦   અંક : ૧/૨   સળંગ અંક : ૨૦૭/૨૦૮   એપ્રિલ / મે - ૨૦૨૫

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ


THE IRON MAN OF INDIA
Sardar
VALLABHBHAI PATEL

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**
**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**
**www.shreesaraswat.com**

**વર્ષ : ૨૦   અંક-૧/૨   સળંગ અંક : ૨૦૭/૨૦૮   એપ્રિલ/મે : ૨૦૨૫   વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**



**-: અધ્યક્ષ :-**
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

**-: પ્રમુખ :-**
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

**-: મુખ્ય સંપાદક :-**
**શ્રી અમિત પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

**-: ઉપાધ્યક્ષ :-**
**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**
ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

**-: કલ્યાણનિધિ કન્વીનર :-**
**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**
શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

**-: અન્વેષક :-**
**શ્રી પંકજકુમાર સી. પરમાર**
એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોચિયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૩૩૦૬૯ |

**-: પ્રમુખના મંત્રી :-**
**શ્રી પંકજકુમાર આર. પટેલ**
સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

**-: સારસ્વત સહ સંપાદક :-**
**શ્રી દિપકકુમાર પી. પટેલ**
લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,

હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

www.shreesaraswat.com

વર્ષ : ૨૦ અંક-૧/૨ સળંગ અંક : ૨૦૭/૨૦૮ એપ્રિલ/મે : ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦


## અનુક્રમણિકા

1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ........ 05
2. સારસ્વત સંપાદકનો પત્ર ........ 07
3. મહામંત્રીશ્રીનો પત્ર ........ 09
4. કલ્યાણનિધિ કન્વીનરશ્રીનો સંદેશ ........ 11
5. આચારસંહિતા - આજની જરૂરિયાત
 - સહદેવસિંહ એસ. સોનગરા (આચાર્ય) ........ 12
6. ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન
 - સંપૂર્ણ જીવન, વડોદરા ........ 16
7. पढ़ाई का विज्ञान-८ ........ - પ્રાંજલભાઈ જોષી ........ 18
8. વેકેશનમાં વર્ગશિક્ષણ ........ - દિનેશ માંકડ ........ 22
9. આચાર્ય સજ્જતા (કો-ઓર્ડિનેટરની ભૂમિકા)
 - મહેશભાઈ શર્મા ........ 25
10. ગુણવત્તાયુક્ત શિક્ષણ ........ - જાગૃતિબેન જે. ભટ્ટ (આચાર્યા) ........ 27
11. AI યુગમાં Mindfullnessનું મહત્ત્વ ........ - જી. એસ. દેધરોટીયા ........ 32
12. ભારતમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક ઉન્નતિ માટે આવશ્યક :
 એક રાષ્ટ્ર, એક ચૂંટણી ........ - ડૉ. જયેશ એ. ઠક્કર (આચાર્ય) ........ 35
13. તેજસ્વી આચાર્ય, તેજસ્વી શિક્ષક ........ પ્રેષક : પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી ........ 37
14. આપણે પ્રકૃતિના દોસ્ત કે દુશ્મન ? ........ - પ્રિ. અસ્મિતાબેન એસ. ગામી ........ 39
15. કભી અલવિદા ના કહેના... શિક્ષણ, સંઘ, સંગાથની શબ્દયાત્રા ........ 41
 - ડૉ. નીરવ એન. ઠક્કર
16. અશિસ્તનો ઉકેલ ........ - રાજેન્દ્રભાઈ એ. પટેલ ........ 46
17. સેવાપોથી ભરવાની સમજૂતી ........ - ડૉ. નરેનસિંહ દેવડા ........ 49
18. પરિપત્રો ........ 51

**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



## અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

**સુજ્ઞ સારસ્વત મિત્રો,**

**નમસ્કાર.......**

**આપ સૌ કુશળ હશો.**

એપ્રિલ ફૂલ ઓન છે ત્યારે ધોરણ 9 અને 11ની વાર્ષિક પરીક્ષાઓ બધી જ શાળાઓમાં ચાલી રહી છે. બીજી તરફ શૈક્ષણિક ક્ષેત્ર વર્ષ 2024-25 પૂર્ણ થવાના આરે છે ત્યારે આપણા સૌની વર્ષ દરમિયાન કરેલ શૈક્ષણિક કામગીરીનો સરવાળો કરી લેખાં-જોખા કરવાનો સમય એટલે એપ્રિલ માસ...

સરકારશ્રીએ ચાલુ વર્ષે તમામ શાળાઓને સ્માર્ટ ક્લાસ અને કોમ્પ્યુટર લેબની સુવિધા આપેલ છે. ગત વર્ષે જે શાળાઓની સંખ્યા 90 કરતા ઓછી હતી તેવી શાળાઓને પણ આપણી રજૂઆતના કારણે સ્માર્ટ કલાસ અને કમ્પ્યુટર આપવાના ચાલુ કરેલ છે ત્યારે સ્માર્ટ બોર્ડ થકી વિદ્યાર્થીઓને સ્માર્ટ બોર્ડને ફક્ત Writing Boardનો ઉપયોગ ન કરતા Audio-Visual પદ્ધતિથી G-Shala અને શાળા મિત્ર એપ્લિકેશન સિવાય AIની મદદથી પણ વિદ્યાર્થીઓને શિક્ષણ આપી તેમને ઝીરોમાંથી હીરો બનાવીને શાળાના પરિણામમાં સુધારો લાવી આપણી શાળાઓનું નામ રોશન કરીએ તેવી અભિલાષા. અંબાજી મુકામે અધિવેશન દરમિયાન આપ સૌને શ્રેષ્ઠ ભાથું પીરસાયુ પણ એ શ્રેષ્ઠને સર્વશ્રેષ્ઠ કેવી રીતે બનાવવું તે આપ સૌના હાથમાં છે. અધિવેશન દરમ્યાન આપણા આચાર્ય સંવર્ગને લગતા પ્રાણપ્રશ્નોની ચર્ચા-વિચારણા કરવામાં આવી અને સંગઠનના અથાક પ્રયત્નોને કારણે આપણા ઘણા બધા પ્રશ્નો સરકારશ્રી પાસે ઉકેલ લાવી શક્યા છીએ જેના આપ સૌ સાક્ષી છો. ચાલુ સાલે સરકારશ્રીએ નવા સત્રના પાઠ્યપુસ્તકો પણ સમગ્ર રાજ્યમાં પહોંચાડવાનું આગોતરું આયોજન કરેલ છે. મિત્રો, આપણા જે કંઈ પ્રશ્નો બાકી છે તે માટે સૌ હોદ્દેદારો અને સંકલન સમિતિ ખૂબ જ પ્રયત્નશીલ છે. શાળાઓમાં નવા સત્ર સુધીમાં શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા પૂરી થાય અને ૩૧/૧૦ નિવૃત્ત થતા કર્મચારીઓની જગાઓનો પણ સમાવેશ થાય તેવો અમારો પ્રયાસ છે. મિત્રો, આપણા સંવર્ગને લગતા તમામ પ્રશ્નોની રજૂઆતો અમે કરીએ જ

છીએ ત્યારે અમારા ધ્યાન ઉપર ન હોય અને આવા કોઈ પ્રશ્નો હોય તો જિલ્લા સંઘ દ્વારા અમારા સુધી રજૂઆત પહોંચાડો એવી અપેક્ષા રાખીએ.

આપણી શાળાનું ધોરણ ૧૦ અને ધોરણ ૧૨નું બોર્ડનું પરિણામ પણ નિર્ધારિત સમયે આવી જશે. આ વખતે શાળાના ઇન્ડેક્ષ નંબર નાખવાથી સમગ્ર શાળાનું પરિણામ આપણને મળી જાય તેવી વ્યવસ્થા બોર્ડની કારોબારીમાં અસરકારક રજૂઆત કરી મંજૂર કરેલ છે જે આપ સૌની જાણ માટે. શૈક્ષણિક વર્ષ 2025-26ની કામગીરીનું આગોતરું આયોજન કરી શાળાના નવા પ્રવેશ માટે આપણી શાળાઓની સુવિધાઓ તેમજ સરકારશ્રીની વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓ વાલીઓ તેમજ આપણા પોષક વિસ્તારની શાળાઓમાં પ્રચાર પ્રસાર કરી એક નવી તાજગી સાથે જૂનમાં Full Bloom સાથે કામગીરી કરીશું તેવી અભ્યર્થના... અને ફરી ફરી

**अल्पानामपि वस्तूनां संहतिः कार्यसाधिका ।**
**तृणैर्गुणत्वमापन्नैर्बध्यन्ते मत्तदन्तिनः ॥**

અર્થાત્, નાનકડી અને નગણ્ય બાબતોમાં પણ જો ઐક્ય હોય તો કોઈપણ હેતુ પાર પાડી શકાય છે. નાનકડા તરણાનું બનેલું દોરડું મદોન્મત્ત હાથીને પણ બાંધી શકે છે.

તેથી ઐકય હશે તો જ નવા વર્ષની સુવિધાઓ અને સમસ્યાઓનું સરકાર સાથે મળી સતત ચર્ચા-વિચારણાથી સમાધાન લાવી શકીશું.

આભાર.

''સંઘે શક્તિ કલૌ યુગ''

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



# સંપાદકશ્રીનો પત્ર



**શ્રી અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

**સર્વે સારસ્વત મિત્રો,**

**નમસ્કાર...**

આપ સર્વેના સહકારથી 'સારસ્વત' મુખપત્ર શિક્ષક સંઘોના મુખપત્રમાં પોતાની અલગ ગુણવત્તા ઉભી કરી શકેલ છે જે માટે આપ સર્વેના અમો આભારી છીએ.

'સારસ્વત' મુખપત્રના હિસાબોને ધ્યાને રાખી સાંસદ સભાએ લવાજમ ૧લી એપ્રિલથી ૩૧ માર્ચ માસ સુધી લેવા નક્કી કરેલ છે. તે અંતર્ગત દરેક જિલ્લામાં સારસ્વત સભ્ય યાદી તથા 'સારસ્વત' લવાજમ મેળવવાની કાર્યવાહી ચાલી રહી હતી. તે આપને આ અંક મળે ત્યાં સુધી પૂર્ણ થઈ ગઈ હશે. જો હજુ સારસ્વત સભ્ય આપના જિલ્લાના બનાવવાના બાકી હોય તો તારીખ ૩૦/૦૬/૨૦૨૫ સુધી પૂર્ણ કરશો. તો જે વ્યવસ્થા કરેલ છે તે મુજબ બાકી જિલ્લાની માહિતી આપવા વિનંતી છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી, અધ્યક્ષશ્રી, આપણા પ્રશ્નોના ઉકેલ માટે સતત અધિકારીશ્રીઓ અને સરકારશ્રીની સાથે ફોલો-અપ લઈ ઉકેલવાના પ્રયત્નો સતત ચાલી રહ્યા છે. આપણી જૂની પેન્શન યોજનાના પરિપત્રો માટે પણ સરકારશ્રી ઉપર દબાણ કરવામાં પાછી પાની કરેલ નથી તે આપ સર્વે જાણો જ છો. ઘણા એવા પ્રશ્નો જે ક્યાંયથી રજૂઆત ન મોકલેલ હોવા છતાં તેમની સમયસૂચકતા વાપરી તરત જ રજૂઆત કરવી તે આપણા હોદ્દેદારોની આગવી સૂઝને આપણા સર્વે વતી અભિનંદન પાઠવું છું.

- સારસ્વત મુખપત્રમાં જે આચાર્યશ્રીએ સ્વનિર્મિત લેખ મોકલવા હોય તે ras.sarasvatdipakbhai@gmail.com ઈ-મેલમાં જ સ્વીકારવામાં આવે છે.
- આપે મોકલેલ લેખનું પ્રૂફ જે-તે મોકલનારે ચેક કરવાનું રહેશે.
- પ્રથમ જે લેખો ક્રમાનુસાર ચાલુ છે તે આવશે. ત્યાર બાદ મોકલેલ લેખોમાં અગ્રીમતા નક્કી સંપાદક કરશે.
- મળેલ લેખોનો સમાવેશ વર્તમાન અંકમાં ન થાય તો પછીના અંકમાં લેવાશે .
- લેખ મોકલનાર અન્ય કોઈ લેખકના લેખ મોકલે તો તે લેખકની સહમતી મેળવી મોકલનારે પોતાની પાસે મેળવી પછી જ લેખ મોકલવો.
- જો આ બાબત અંગે કોઈ વિવાદ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી લેખ મોકલનારની જ રહેશે.

- દરેક ઘટકના જવાબદાર હોદ્દેદારશ્રી ૩૦ જૂન પહેલા લવાજમ રાજ્ય આચાર્ય સંઘના ઇન્ડિયન ઓવર્સિસ બેંક, ગાંધીનગર શાખા ૩૮૨૦૧૦, ખાતા નંબર ૧૮૧૭૦૧૦૦૦૦૦૦૭૦૩ IFSC CODE : IOBA0001717 માં જમા કરવાના રહેશે.
- અગત્યનું કે દરેક જિલ્લામાં દરેક શાળાને સમયસર અંક પહોંચે તે માટે નજીક-નજીકની શાળાના ગ્રુપ બનાવી નામની સામે ગ્રુપ (A,B,C,D......) જે મંગાવવા માંગતા હોય તે ગ્રુપ દર્શાવવું.
- જે જિલ્લા એ ગ્રુપ પાડેલ નહિ હોય અને પોસ્ટીંગ માટેની પોતાના જિલ્લાની પધ્ધતિ ની કોઈ લેખિત સુચના નહિ આપેલ હોય તો જેતે જિલ્લાના પ્રમુખશ્રીના સરનામે સારસ્વત અંક મોકલવામાં આવશે.
- દરેક જિલ્લાના ગ્રુપ જે પાડેલ છે તે ગ્રુપ મુજબ જે સરનામે કુરિયર પોસ્ટીંગ થાય છે તે શાળાના આચાર્ય ADMIN રહી પોતાને ત્યાં આવતા સારસ્વતના આચાર્યશ્રીઓ નું એક વોટ્સઅપ ગ્રુપ બને અને જ્યારે અંક આવે એટલે તેમાં અંક મેળવવા માટેનો મેસેજ જો મુકવામાં આવે તો સમયસર અનુકૂળતા સમયે તે ગ્રુપના આચાર્યશ્રી મંગાવી મેળવી શકે.
- WWW.SHREESARASWAT.COM વેબસાઇટ ઓપન કરી સારસ્વત લવાજમની આપના જિલ્લાની આખી યાદી જોઈ શકો છો તથા આપનું નામ ક્યા ગ્રુપ માં છે તે પણ જિલ્લો પસંદ કરી ગ્રુપ મુજબ યાદી ચેક કરી તેમાં પણ આપનું નામ વેબસાઈટ પર જોઈ શકો છો. ગ્રુપ મુજબ પોસ્ટીંગના સરનામાની પ્રિન્ટ નીકળે છે અને તે ગ્રુપ મુજબ પોસ્ટીંગ થાય છે. હવેથી વેબસાઈટ ઉપરથી આપણા ગ્રુપના કુરિયર ક્યા સરનામે થાય છે તે પણ આપને જોવા મળી જશે.
- વધુમાં તમામ નામ વેબસાઈટ ઉપર એડ કર્યા પછી દરેક જિલ્લાને પાસવર્ડ આપવામાં આવે છે, જેના થકી કોઈપણ નામનો સુધારો કરી શકે અને ડીલીટ કરી શકે કે એડ પણ કરી શકે. આ પાસવર્ડ થોડા સમય માટે રાખવામાં આવશે પછી બદલી કાઢવામાં આવશે. જેથી નામ એડ કરવા, ડીલીટ કરવા કે કોઈ સુધારો કરવો હોય તો તે તારીખ ૩૦/૦૬/૨૦૨૫ સુધી કરી લેવાનો રહેશે.
- દર બે મહિને કુરિયર કર્યા પછી જે કુરિયર કરેલ છે તેની વિગત પણ હવેથી વેબસાઈટ પર 'સારસ્વત પોસ્ટીંગ' ફોલ્ડરમાં મુકવામાં આવશે જેથી આપણા ગ્રુપનું કુરિયર હાલ ક્યાં છે તે આપ ટ્રેક કરી શકશો.

**ચાલો વાંચીએ .....**

આ નૂતન વર્ષમાં ઓનલાઈન સારસ્વત મુખપત્રની Quize કરવા વિચારેલ છે. જેમાં પુરસ્કાર આપવામાં આવશે. તો આવો 'શ્રી સારસ્વત' મુખપત્ર વાંચીએ અને વંચાવીએ.....

**આપના,**

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહ સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨



ભરતભાઈ ચૌધરી
મહામંત્રીશ્રી

# મહામંત્રીશ્રીનો પત્ર

**આત્મીય સારસ્વત મિત્રો,**

**સૌને સ્નેહ વંદન....**

કુશળ હશો. કુશળતા ચાહતા કુશળ છીએ. મિત્રો, શૈક્ષણિક વર્ષ 2024-25 પૂર્ણ થઈ રહ્યું છે. સમગ્ર વર્ષ દરમિયાનની વિદ્યાર્થીઓની અને આપણી મહેનતનું શાળાકીય પરીક્ષાઓનું ઉત્તમ પરિણામ આપે જાહેર કરી દીધું હશે. બોર્ડના પરિણામો પણ આ અંક આપના હાથમાં પહોંચે ત્યાં સુધી લગભગ આવી ગયા હશે. આપ સૌ વિદ્યાર્થીઓના કારકિર્દી માર્ગદર્શન સેમિનાર અને નવા શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓના પ્રવેશ કાર્યમાં વ્યસ્ત હશો. સૌને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ વતી નવા શૈક્ષણિક વર્ષ માટે અંતઃકરણથી શુભેચ્છાઓ.....

મિત્રો, ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન આપણે સંગઠન થકી રાજ્ય સરકાર સમક્ષ ઘણા લાંબા સમયથી પડતર ઘણા અગત્યના પ્રશ્નોનું આપણે નિરાકરણ લાવી શક્યા છીએ. બાકીની બાબતો માટે પણ સતત સરકાર સાથે પરામર્શ દ્વારા આપ સૌની લાગણી અને માંગણી અવિરત રીતે પહોંચાડી રહ્યા છીએ અને તમામ બાબતો માટે સતત જાગૃત છીએ.

મિત્રો, તા. 1/4/2005 પહેલાના કર્મચારીઓના જીપીએફ એકાઉન્ટ ખોલાવવા બાબતે આપણે સૌએ સજાગ રહેવું પડશે. આપણા તમામ ઘટક સંઘો પાસે લાભાર્થી મિત્રોની અદ્યતન માહિતી હોય તે અતિ આવશ્યક છે. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી સાથે સંકલનમાં રહી

સરળતાથી આ કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તેની કાળજી લેવા માટે આપ સૌને વિનંતી છે.

મિત્રો, ક્લાર્ક, પટાવાળા, શિક્ષણ સહાયકો તથા જ્ઞાન સહાયકોની 100 એ 100% ખાલી જગ્યાઓ નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા ભરાય તે માટે ૪૫ ડિગ્રી ગરમીમાં પણ સતત મથામણ કરી રહ્યા છીએ.

મિત્રો, આપણા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોના અંતે પણ પરિણામ સરકાર અને ઈશ્વરના હાથમાં છે જે બાબત આપ સૌ જાણો છો. આપ સૌનો સંગઠનને અદ્‌ભુત સહયોગ મળતો રહ્યો છે અને મળતો રહેશે જ તેવી આશા અને અપેક્ષા સાથે સૌનો આભાર સહ પુનઃ સૌને શુભેચ્છાઓ.....

મિત્રો યાદ રહે... **"એક હૈ તો સેઈફ હૈ બટેંગે તો કટેંગે"**

**જય જય ગરવી ગુજરાત વંદે માતરમ.......**

આપનો,<br>
**શ્રી ભરતભાઈ ચૌધરી**<br>
મહામંત્રી,<br>
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# કલ્યાણનિધિ કન્વીનરશ્રીનો સંદેશ

સર્વે સારસ્વતમિત્રોને સાદર પ્રણામ.

મિત્રો, પૂર્વજન્મના કર્મને આધિન પવિત્ર ભારતભૂમિમાં, અને તેમાંય પુણ્યશાળી ગુજરાતની ભૂમિ પર મનુષ્ય તરીકે જન્મ લેવો અને તેમાંય સારસ્વત બનવું એ આપણા પૂર્વજન્મના ઉત્તમ કર્મનું ફળ છે.

મિત્રો,આપ સર્વે જાણો છો કે મૃત્યુ નિશ્ચિત છે, પન સમય અનિશ્ચિત છે. આ અનિશ્ચિતતા માટે ગુજરાત રાજ્ય આચાર્યસંઘ દ્વારા ચાલતી કલ્યાણનિધિ યોજના એ આપણા સૌની આપણા માટે ચાલતી યોજના છે. આપ સર્વે મિત્રો વિદ્યાર્થીઓમાં ઉદારતા, મિત્રતા, ભાઈચારા, સંવેદના, પરોપકારના ગુણોનું સિંચન કરી રહ્યા છો ત્યારે આપણા મિત્રોને મદદરૂપ થનાર કલ્યાણનિધિ યોજના પ્રત્યે આટલા ઉદાસિન શા માટે ?

આપ સર્વે જાણો છો કે આ યોજના દ્વારા આપણા જ કોઈ મિત્રનું અચાનક અવસાન થતાં તેમના પરિવારજનોને આપણે સૌ સાથે મળી થોડા મદદરૂપ થઈએ એ આપણું અહોભાગ્ય ગણાય. માટે જો આપ સર્વે સારસ્વતમિત્રો આ યોજનામાં જોડાઓ તો બે લાખની સહાયને ચાર લાખમાં લઈ જઈ શકીએ. આપણા ઘટકસંઘના હોદ્દેદારો સાથે જે કોઈ મતભેદ કે મનભેદ હોય, તે ભૂલીને આપણે તો એ જ યાદ રાખવાનું છે કે આ તો સમગ્ર રાજ્યના સારસ્વતકૂળને મદદરૂપ થવાની યોજના છે. માટે જે સારસ્વતમિત્ર રાજ્ય આચાર્યસંઘની કલ્યાણનિધિ યોજનામાં ના જોડાયા હોય, આવા તમામ મિત્રોને કરબધ્ધ પ્રાર્થના કરૂં છું કે આવો મિત્રો, આ યોજનામાં જોડાઓ, અને આ યોજનાને શ્રેષ્ઠતમ બનાવીએ. જેમાંથી બીજાને પણ પ્રેરણા મળે.

ગુજરાત રાજ્ય આચાર્યસંઘ દ્વારા ચાલતી કલ્યાણનિધિ યોજનાને વેગવંતી બનાવવા આપણા પ્રમુખશ્રી ભાનુભાઇપટેલ, અધ્યક્ષશ્રી જે.પી.પટેલ તથા સારસ્વતમંત્રી અમિતભાઈ, ચારેય મહામંત્રીશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, અને તમામ હોદ્દેદારશ્રીઓ પણ પ્રયત્નશીલ છે.

આપ સર્વે સારસ્વત છો. વિદ્વાન છો, બુધ્ધિમાન છો. બસ તમને વધારે કહેવાનું ન હોય. મારી આ વિનંતીને જરા ધ્યાનમાં રાખીને આ યોજનામાં સહકાર આપશો એવી અપેક્ષા સહ....

આપનો,<br>
કલ્યાણનિધિ કન્વીનર<br>
**સરસાવાડિયા એસ. પી.**

# આચારસંહિતા – આજની જરૂરિયાત

પૂર્વ સહસંપાદક
**સહદેવસિંહ એસ. સોનગરા**
શ્રી સારસ્વત મુખપત્ર,
આચાર્ય સંઘ ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ભારત વર્ષના ઈતિહાસ તરફ પાછુ વળીને જોશો તો સમગ્ર જનસમુહ માત્ર ચાર વર્ણોમાં વહેચાયેલો હતો. અને દરેક વર્ણ પ્રથા સમાજ માટે ઉપયોગી કર્મ સાથે એવી રોતે જોડાયેલી હતી કે બધા એકબીજાની જરૂરિયાતો માટે પૂરક હતા. પણ સમય જતા બદલાવાની સાથે પરિવર્તનો આવતા જ રહે છે. કર્માંધારિત વર્ણ વ્યવસ્થાની જગ્યાએ વર્ણ આધારિત સમાજ વ્યવસ્થા ઉભી થઈ ગઈ. આવા પરિવર્તનો કઈ બે પાંચ વર્ષમાં નહિ પણ સેંકડો વર્ષો દરમિયાન સહજ રીતે જ થઈ જતા હોય છે.

આજની  શિક્ષણ વ્યવસ્થા પણ આવા ઘણા વર્ષોના પરિવર્તનોનું પરિણામ છે. પહેલા આશ્રમ પ્રથા આવી, પછી ગુરુકૂળ વ્યવસ્થા હતી અને આજે શાળા મહાશાળાઓ છે.

મેં એક વ્યંગકારને એક પ્રસંગમાં બોલતા સાંભળ્યા હતા કે સાંદિપની ઋષિના આશ્રમમાં સામાન્ય પરિવારના બાળકોની સાથે જ રાજવી પરિવારના બાળકો ભણતા માટે જ કૃષ્ણ અને સુદામા સહાધ્યાયી હતા. આજે પણ ઉજ્જૈન માં ભગવાન શ્રીકૃષ્ણ અને સુદામા સાથે ભણ્યા હતા, તે સ્થળે તેમના અવશેષો જોવા મળે છે. સાંદિપની ઋષિનો આશ્રમ ભારતવર્ષની સૌપ્રથમ સરકારી શાળા હતી. જયારે ગુરુ દ્રોણાચાર્ય માત્ર રાજવી પરિવારના સંતાનોને જ ભણાવતા. ભારતવર્ષમાં સેલ્ફ ફાઈનાન્સ શિક્ષણની શરૂઆત છેક મહાભારત કાળથી જ શરૂ થયેલ છે. ભગવાન રામ અને તેમના ભાઈઓએ પણ ગુરૂ વશિષ્ટ અને વિશ્વામિત્રની આકરી વૈદિક શિક્ષા પ્રાપ્ત કરી હતી. મુખ્યત્વે ગુરૂ વશિષ્ટે જીવન પધ્ધતિ અને વિશ્વામિત્રે યુદ્ધ સમયે કામ આવે તેવી તાલિમ આપી હતી. આમ શિક્ષણ આદિકાળથી ચાલી આવતી વ્યવસ્થા છે. જેમાંથી પસાર થવું સૌ કોઈ માટે અનિવાર્ય છે.

ટૂંકમાં ભારતવર્ષની પૌરાણિક પધ્ધતિમાં પુસ્તકની સાથે જીવન ઉપયોગી કલાનું જ્ઞાન આપવામાં આવતું. એટલે કે સાચી કેળવણી હતી. જયારે આજે અંગ્રેજી શાસન વ્યવસ્થાએ પોતાની જરૂરિયાત પ્રમાણેના ચોક્કસ માળખામાં કામ કરી શકે તેવા માનવીય ટુલ તૈયાર કરવા માટે મેકોલે નામના અંગ્રેજી ગવર્નર જનરલે બનાવેલી શિક્ષણપ્રથા ચાલે છે. સરવાળે શિક્ષણ માણસની જીવનશૈલીને પ્રભાવિત કરવાને બદલે જીવન નિર્વાહનું સાધન અને અર્થ ઉપાર્જનનું સાધ્ય બનીને રહ્યું છે. માણસને ઈશ્વરકૃપાથી મળેલી શક્તિઓ આખી અલગ વાત છે, માટે જ તો આટલી ચીલાચાલુ શિક્ષણ-વ્યવસ્થાએ પણ આપણને શ્રેષ્ઠ કવિઓ,લેખકો,સાહિત્યકારો,દાક્તરો અને અધિકારીઓ આપ્યા છે. ભાટ, ચારણ કે ગઢવીનું બાળક શાળાએ જાય કે ન જાય, તેની જીભ ઉપર સરસ્વતીનો વાસ હોય જ છે. ક્યારેય શાળાએ ન ગયા હોય તેવા જયભાઈ વસાવડા જેવા સાહિત્યકાર સ્વબળે પોતાના વ્યક્તિત્વને નિખાળે અને હજારો લોકો તેમને સંભાળવા તડપે તે ઈશ્વરકૃપાથી જ શક્ય છે.

પ્રખ્યાત ગુજરાતી કવિ સાંઈરામ દવે સાચુ જ કહે છે કે ચાલીસ,પચાસ વર્ષ પહેલા રોકો,ટોકો અને ન માને તો ઠોકો, માં-બાપ અને બાળકો માટે સહજ હતું. પણ આજે ? પહેલા સામાન્ય રોતે ચાર-પાંચ સંતાનો હોય,ક્યારેય તેનાથી વધારે પણ હોય.આજે કુટુંબ નિયોજનના કારણે એક કે વધારેમાં વધારે બે. આ સારી વાત છે,પણ તેના કારણે બાળ ઉછેરમાં તેની અત્યંત ગંભીર સાઈડ ઈફેક્ટસ દેખાય છે. દરેક માતા-પિતા બાળકને કમ્ફર્ટ ઝોનમાં રાખે છે અને એવી ખેવના રાખે છે,કે અમને તકલીફ પડી તેવી તકલીફ અમારા બાળકોને ન જ પડવી જોઈએ. એની ભાવનાત્મક અને ભૌતિક જરૂરીયાતોને એટલી હદ સુધી પોષે છે. કે બાળકને સાચી પરિસ્થિતિનો ખ્યાલ જ નથી હોતો. આને પ્રેમનો અતિરેક કહો કે લાગણીઓનું ઘોડાપુર તો કઈ ખોટું નથી.પણ તેનું પરિણામ ખૂબ જ ગંભીર આવતું હોય છે. એમાય બે ત્રણ પુત્રીઓ પછી પુત્ર જન્મ થાય ત્યારે રૂઢીચુસ્ત કુટુંબોમાં પુત્રના ઉછેરમાં સાચી તાલીમની ઉણપ રહી જાય છે, એવા ઘણા ઉદાહરણો અમને વર્ગ-ખંડોમાં જોવા મળે છે. આવી માનસિકતાને કારણે

જ સયુંકત કુટુંબનું અસ્તિત્વ ધીમે-ધીમે જોખમાયું અને વિભક્ત કુટુંબની સમસ્યાઓ વિકરાળ બનતી ગઈ. સયુંકત કુટુંબમાં જે રીતે બાળકનો ઉછેર થતો હતો. તેમાં તેની સહનશક્તિ, સમજશક્તિ, આદરભાવ, પોતાના અને પારકાનો ભેદ, વહેંચીને ખાવાની ભાવના, નાના-મોટાની સમજણ,ઘરના વડીલોનું માન, કુટુંબની આર્થિક સ્થિતિ વગેરેનો અનાયાસે જ ખ્યાલ આવી જતો. દીકરી ક્યારે મોટી થઇ જતી બાપને ખ્યાલ પણ ન આવતો. કાકા-બાપાના બાળકો સમુહમાં જ પ્રસંગો,તહેવારો ઉજવતા. જીવનમાં કોઈ દુ:ખ કે મુશ્કેલી આવે તો બધા જ સાથે હોવાથી થોડી રાહત અનુભવાતી પણ આજે પરિસ્થિતિ બિલકુલ વિપરીત છે. પહેલાં આપણા સમયમાં પિતા પાસે પૈસા માંગતા પહેલાં બાળક પોતાના કુટુંબની આર્થિકસ્થિતિ જાણતો. માત્ર જરૂર પૂરતો જ ખર્ચ કરતા. આજે બાળક આવું સમજવાને બદલે તેને પોતાનો અધિકાર સમજે છે. મિત્રો અને સહાધ્યાયીઓની દેખા-દેખીથી પોતાની અલગ દુનિયામાં મસ્ત હોય છે. અને માતા-પિતા જ આવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે જવાબદાર હોય છે. આજની આવી સ્થિતિથી માં-બાપ તો વિચલિત છે જ, પણ તેની અસર શાળા-મહાશાળાઓમાં વિશેષ દેખાય છે. કે.જી ના પ્રવેશ માટે માતા-પિતા બાળકને વારના નામ,મહિનાના નામ મૂળાક્ષરો જેવી માહિતી ગોખાવીને શાળામાં લઇ જાય છે. કેટલીક શાળાઓમાં પ્રવેશ માટે રીતસરની હોડ જામે છે. પોતાનું સંતાન કઈ શાળા/મહાશાળામાં ભણે છે, તે મહદઅંશે આવા માતા-પિતા માટે સ્ટેટ્સ સિમ્બોલ હોય છે. અને ત્યાંથી જ મુશ્કેલીઓની શરુઆત થાય છે. પોતાના ઘરની નજીકની શાળામાં મુકવાને બદલે અકડે-ઠઠ ભરેલી રીક્ષા, વાન કે સ્કૂલ-બસમાં ખૂબ દૂર સુધી ભણવા મોકલે છે. એની શાળા,એની બેગ,એનો યુનિફોર્મ,એના જૂત્તા,એની વોટરબેગ બધુ જ બ્રાન્ડેડ. છેવટે બાળક સહજ રીતે બ્રાન્ડથી જ ટેવાઈ જાય છે. આવી શાળાઓમાં કેળવણીનો આત્મા હોય કે ન હોય છે,પણ બ્રાન્ડનો આત્મા અચૂક હોય છે. મહત્ત્વની વાત તો એ છે,કે આમાંથી ૭૦ થી ૭૫ ટકા લોકો આર્થિક સંકળામણ હોવા છતાં આ હોડમાં લાગેલા છે. ગામડાની જીલ્લા-પંચાયત સંચાલિત શાળાઓ કે સરકારી શાળામાં ભણતા બાળકો પણ કેટલીકવાર શ્રેષ્ઠતાના શિખર ઉપર બિરાજે

છે.સમાજ,સરકાર કે વ્યવસાયમાં સફળતાની ટોચ ઉપર જઈને બિરાજે છે. જયારે અત્યંત મોંઘું શિક્ષણ મેળવેલા સંતાનો ક્યારેક સામાન્ય વિકાસ પણ નથી કરી શકતા. આપણા સમાજમાં અને આપણી આજુ-બાજુ આવા કેટલાય ઉદાહરણો જોવા મળે છે. શાળામાં શિક્ષકે કરેલી સામાન્ય શિક્ષાને સહજ રીતે સ્વીકારતા માતા-પિતાનો સંતાનો સહજતાથી સફળતા મેળવે છે.જયારે બાળકની સામાન્ય ફરિયાદને પણ કાયદાના એરણે તોલતા માતા-પિતાના સંતાનો ક્યારેક પાછળ રહી જાય છે. આજે વર્ગ-ખંડોના ભણાવતા શિક્ષકો માટે આચાર-સંહિતા છે, પણ વિદ્યાર્થીઓ કે વાલીઓ માટે કોઈ આચાર-સંહિતા નથી. પરિણામે દરેક વખત એક જ દિશામાંથી તેનું મૂલ્યાંકન થાય છે. પરિણામે મોટાભાગના શિક્ષણના વ્યવસાય સાથે જોડાયેલા શિક્ષકો,અધ્યાપકો આચાર્યો ગુણવત્તાલક્ષી શિક્ષણ કાર્ય કરવાને બદલે માત્ર શિક્ષણ કાર્ય કરવા પ્રેરાય છે. કાયદાની એરણે તોલાવાને બદલે સલામતી અને સ્વમાન જળવાય તેવી રીતે વર્તવા મજબૂર છે. પોતાના સેવાકાળ દરમિયાન કોઈ એવોર્ડ મળે કે ન મળે,પણ કોઈ અપયશ તો ન જ મળે તેવી માનસિકતાથી કામ કરવા પ્રેરાય છે. વર્ગમાં પોતાની સામે બેઠેલું બાળક સારી રીતે ભણે, નહિતર શાંતિથી સમય પસાર કરે એમાં જ સૌનું ભલું છે, તેવું સમજવા માંડે છે. આવી સંવેદનશીલ સ્થિતિના કારણે છેવટે તો નુકસાન સમાજને જ છે. હજુ વધારે નકારાત્મક અસરો થાય તે પહેલા શાસન વ્યવસ્થાના બેઠેલા લોકોએ ગંભીર વિચાર કરવો જોઈએ. સરકાર,સમાજ અને શિક્ષણવિદોએ ભેગા થઇ કંઈક માર્ગદર્શક આચાર-સંહિતાનું નિર્માણ કરવું જોઈએ. પ્રભાવશાળી શિક્ષણ અને સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે આપણે સૌએ વિચારવાનો સમય પાકી ગયો છે.

# ગુરૂકુળ – શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન

**લેખાંક–૧ : સંપૂર્ણ જીવન, વડોદરા**

(‘શ્રી સારસ્વત’માં આ અંકથી પ્રારંભિત લેખમાળાનો પ્રમુખ ઉદ્દેશ્ય, આપણા બાળકોના નિર્દોષ મનમાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ-મોહ સ્થિર થાય તે પહેલાં, ભૌતિક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય કરતી ગુરૂકુળ શિક્ષણ વ્યવસ્થાનું ચિત્ર સ્પષ્ટ કરવાનો છે.)

સાંપ્રત સમયમાં વ્યક્તિગત સ્તરથી પ્રારંભ કરીને, પરિવાર, વ્યવસાય, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક સ્તરે નિરાશા, હતાશા, અજંપો જોવા મળે છે. વેદકાલીન ઋષિકાળમાં આ પ્રકારના સંઘર્ષ, વિષાદ કે તાણ દૃષ્ટિગોચર થતા નહોતા. તે સમયે સમાજમાં સંવાદિતા, સહિષ્ણુતા, પ્રસન્નતા, વિશાળતા, અદ્વૈતભાવ પ્રવર્તમાન હતા. તેનું રહસ્ય છે તે સમયની શિક્ષણ વ્યવસ્થા કે જે ‘ગુરૂકુળ’ના આદરસૂચક નામથી વિખ્યાત છે. આ પ્રકારની વિશેષતા છે ...

૧. રાજા કે રંકના સંતાનો ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વિના, ભૌતિક અને આધ્યાત્મિક શિક્ષણ વાનપ્રસ્થો દ્વારા નિઃશુલ્ક મેળવતા હતા.

૨. સંપત્તિ કે સત્તાની પ્રતિષ્ઠા નહોતી, પણ સંવાદિતા, શ્રેષ્ઠતા, સાધના, ત્યાગ, તપશ્ચર્યા, સંયમ અને સાદગીનું મહત્વ હતું.

૩. અહીં શિક્ષક અને વિદ્યાર્થી નહીં; પરંતુ ગુરુ અને શિષ્યની પરંપરા હતી.

અંગ્રેજ સલ્તનતના આગમન પછી સરકારે આપણા નાગરિકોને ગુલામ અવસ્થામાં રાખવા માટે શિક્ષણ વ્યવસ્થા પર પોતાનું આધિપત્ય સ્થાપતા, ગુરૂકુળ પ્રથાનો અંત આવ્યો. હવે વર્તમાન સમયમાં ગુરૂકુળ વ્યવસ્થામાં સમાવિષ્ટ 'સા વિદ્યા યા વિમુક્તયે”ને સાકારિત કરવા માટે પુનરુત્થાન માટે પ્રતિબદ્ધતા કેળવવા માટેનો સમય પાકી ગયો છે. ગુરૂકુળના બે પાસાં છે: વ્યવહારિક અને તાત્વિક. તે સમયના યજ્ઞ, કર્મકાંડ કે વેદમંત્રોના ગાન અત્યારે પ્રસ્તુત નહીં ગણાય પણ વિદ્યાર્થી માત્ર સંપત્તિ અને સત્તા મેળવવા, કારકિર્દિ ઘડવા માટેનું એકાંગી શિક્ષણ નહીં, પણ વિશાળતા, વ્યાપકતા વિકસાવવીને ચિરંતન આનંદ પ્રાપ્તિ માટે અધ્યાત્મ, આત્માનું શિક્ષણ મેળવે તે પ્રકારના શિક્ષણના માળખાનું આપણે નિર્માણ કરવું તે સમયની માંગ છે.

૫૦૦ વર્ષ પૂર્વે પશ્ચિમી દેશોના શાસકો અને ધર્માચાર્યોને પોતાના રાષ્ટ્રનો અને ધર્મનો વિકાસ સાધવા ભૌતિક શિક્ષણની આવશ્યકતા જણાઈ. પ્રતાપી શાસકો અને રાજસી ધર્માચાર્યોએ પોતાની શક્તિઓનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરીને ભૌતિક શિક્ષણનું વિસ્તરણ કરવા સંકલ્પ કર્યો. જેનાં ફલસ્વરૂપ આજે વિશ્વના તમામ દેશોમાં પ્રાથમિક શિક્ષણથી સંશોધન સુધીના ભૌતિક શિક્ષણના સુઆયોજિત માળખાનું નિર્માણ થઈ શકયું છે, પણ આ શિક્ષણ હજુ દેહના સ્તર સુધી મર્યાદિત છે. માનવજીવનના મૂળભૂત સ્વરૂપ આત્માના શિક્ષણ અંગે કોઈ વિચારણા થઈ રહી નથી.

ભૌતિક શિક્ષણમાં સમૃદ્ધિ, સત્તા અને પ્રતિષ્ઠા કેન્દ્રમાં છે તેથી સુખ-સંપત્તિ વધ્યા છે પણ અન્યાય અને શોષણમાં કોઈ ઘટાડો થયો નથી. પ્રાથમિકથી સ્નાતક કક્ષા સુધીના શિક્ષણમાં એકસોથી વધુ વિષયો માટે વિદ્યાર્થી ૧૫૦૦૦ કલાકનું રોકાણ કરે છે પણ એક મૂલ્યવાન વિષય આત્મા માટે ૧૫ કલાકની પણ ફાળવણી કરવામાં આવતી નથી. તેનાં દુષ્પરિણામો આપણે અનુભવી રહયા છીએ.

વિશ્વની સાંપ્રદાયિક સંસ્થાઓનો મૂળભૂત હેતુ આધ્યાત્મિક શિક્ષણ આપવાનો છે. આ સંસ્થાઓમાં ભૌતિક શિક્ષણમાં થયેલા કુલ રોકાણ કરતાં અનેક ગણું વધુ રોકાણ થયું છે તેમ છતાં આ સંપ્રદાયોના શિક્ષણમાં વ્યાપકતા, વિશાળતા જોવા મળતી નથી. તેથી જે સંસ્થાઓની રચના વિશ્વશાંતિના નિર્માણ માટે કરવામાં આવી છે, તે જ સંસ્થાઓ વિશ્વયુદ્ધ માટે નિમિત્ત બની રહી છે.

આ સમસ્યાનો શ્રેષ્ઠ ઉપાય છે ભૌતિક શિક્ષણનું માળખું જે રીતે વૈજ્ઞાનિક અને વૈશ્વિક બનાવી શકાયું છે તેવું જ આધ્યાત્મિક શિક્ષણનું તાર્કિક માળખું તૈયાર થવું જોઈએ. તે માટે કોઈ અલગ વ્યવસ્થા કરવાની કે બિનજરૂરી મૂડીરોકાણ કરવાની આવશ્યકતા નથી. ભૌતિક શિક્ષણની સંસ્થાઓમાં જે સંનિષ્ઠ શિક્ષકો પ્રવૃત્ત છે તેમને જ આધ્યાત્મિક શિક્ષણની તાલીમ આપવામાં આવે તો તેઓ વિદ્યાર્થીઓને આ અર્થસભર શિક્ષણ માટેના વાહક બની શકે.

આધ્યાત્મિક શિક્ષણ આપતી વડોદરાની સંસ્થા 'સંપૂર્ણ જીવન'નો સંક્ષિપ્ત પરિચય તેમજ 'ભૌતિક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય' વિષયક લેખ, 'શ્રી સારસ્વત' સામયિકમાં ડિસેમ્બર -૨૦૨૪/ જાન્યુઆરી-૨૦૨૫માં પ્રકાશિત થયેલો છે. જિજ્ઞાસુઓને વાંચી જવા વિનંતી. આવતા અંકથી શરૂ થનાર લેખમાળાના વિષયો નીચે મુજબ રહેશે.

**લેખમાળાના વિષયો** :

૧. વિદ્યાર્થીઓમાં પરિવર્તનની અપેક્ષા.
૨. ગુરૂકુળ વ્યવસ્થાનો ઈતિહાસ, ઉદ્દેશ્ય અને સમાજ પર તેની અસરો
૩. સાંપ્રત સમયની શિક્ષણ વ્યવસ્થા, ઈતિહાસ અને પ્રગતિ
૪. પરિણામો અને મર્યાદાઓ
૫. સંપૂર્ણ જીવન સંસ્થાના પ્રયાસો
૬. આધ્યાત્મિક શિક્ષણ માટેનું વૈજ્ઞાનિક માળખું
૭. વિશ્વ સામે પ્રવર્તમાન પ્રશ્નો અને અધ્યાત્મ દ્વારા સમાધાન
૮. શિક્ષણ ક્ષેત્રમાં પ્રવૃત્ત સંચાલકો, શિક્ષકો, વાલીઓ અને સરકારની ભૂમિકા
૯. આધ્યાત્મિક વિશ્વવ્યવસ્થાની સંકલ્પના
૧૦. ઉપસંહાર

મિત્રો, ચાલો આપણે સૌ આ પ્રભુકાર્યમાં સહભાગી થઈને શાંત ક્રાંતિના વાહક બનીએ.

**સંપર્ક: મો. ૯૪૨૬૪૬૧૦૯૦**

વિશેષ આવતા અંકે... (ક્રમશઃ)

# पढ़ाई का विज्ञान-८

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

किसी भी परीक्षा की तैयारी का प्रारंभिक बिंदु उसके तार्किक अंत से होना चाहिए। मानवी मन हमेशा प्रक्रिया के साथ सहजता महसूस करता है, क्योंकि हर प्रक्रिया निश्चितता और पूर्वानुमान प्रदान करती है- एक स्पष्ट प्रारंभिक बिंदु और एक अंतिम बिंदु । चिंता हमेशा अनिश्चितता से जुड़ी होती है, यानी किसी अज्ञात चीज़ से। जब मानवी मन यह निष्कर्ष निकालता है कि जीवन परिस्थिति उसके नियंत्रण से बाहर है और अज्ञात या अनिश्चित क्षेत्र में आती है, तो वह भयभीत हो जाता है।

अधिकांश मामलों में, जब कोई अप्रिय घटना घटती है (जैसे परीक्षा में असफलता या वांछित अंक प्राप्त करने में असमर्थता), तो मनुष्य भय की स्थिति से शोक या क्रोध की ओर स्थानांतरित हो जाता है। दुर्भाग्यवश, ये तीनों भावनात्मक अवस्थाएँ (क्रोध, भय और शोक) डॉ. डेविड हॉकिन्स द्वारा विकसित "द करेज स्केल" (The Courage Scale) पर "200 से नीचे" ऊर्जा स्कोर में आती हैं। अपने गहन शोध के आधार पर, डॉ. हॉकिन्स तर्क देते हैं कि 200 से नीचे का ऊर्जा स्कोर आत्म-विकास के लिए सहायक नहीं होता।

इसलिए, परीक्षार्थी के रूप में हमें परीक्षा के प्रश्नपत्र की कुछ हद तक अनिश्चितता को स्वीकार करने के लिए तैयार रहना चाहिए और इसे एक प्रक्रिया मानकर तर्क और विचारशीलता को अपनाना चाहिए। खुलेपन (Openness), इच्छाशक्ति (Willingness), और तर्क/विचारशीलता (Reason or Logic)- ये तीनों अवस्थाएँ ऊर्जा स्केल में "200 से ऊपर" आती हैं, और एक-दूसरे से क्रमिक रूप से ऊँचे स्तर पर स्थित होती हैं, जिससे आत्म-विकास की दिशा में उत्कृष्ट प्रगति संभव होती है। डॉ. हॉकिन्स कहते हैं कि सबसे बड़ा साहस स्वयं को रूपांतरित करने में है।

परीक्षा प्रश्नपत्र में निश्चितता कैसे लाई जाए ? यह निरंतर और सचेत प्रयासों के माध्यम से संभव

है, जिसमें हम अपने परीक्षा प्रश्नपत्र के संभावित प्रश्नों की भविष्यवाणी करने का प्रयास करें। हमारे अपने शोध (भारत और अमेरिका में 10,500+ परिवारों पर आधारित) के अनुसार, वर्तमान पीढ़ी यह करने में अधिक सक्षम है, क्योंकि उनका झुकाव आज्ञा चक्र (Third Eye Chakra) की ओर अधिक है। अब इस संभावित भविष्यवाणी को तार्किक चरणों में बदलने का प्रयास करते है।

चरण-1 जितने संभव हो, पिछले परीक्षा प्रश्नपत्रों या मॉडल प्रश्नपत्रों को एकत्र करें। इससे हमें परीक्षा प्रश्नपत्र की संभावित संरचना का अनुमान लगाने में मदद मिलेगी।

चरण-2 हर प्रश्न के सामने उस अध्याय (Chapter) और उपविषय (Sub-topic) का नाम लिखें, जिस पर यह प्रश्न आधारित है।

चरण-3 एक चार्ट तैयार करें, जिससे यह पता चले कि किसी विशेष अध्याय (या उपविषय) से कितनी बार प्रश्न पूछे गए हैं। इससे हमें यह तय करने में मदद मिलेगी कि किस विषय या टॉपिक पर कितना ध्यान देना चाहिए। (संदर्भ: प्रदर्शनी 1)

चरण-4 अब और गहराई से विश्लेषण करें। पुनः पिछले प्रश्नपत्रों को पढ़ना शुरू करें और प्रत्येक प्रश्न का प्रकार लिखें। आमतौर पर प्रश्नों के निम्नलिखित प्रकार हो सकते हैं:

(a) परिभाषा आधारित प्रश्न (Definition based Questions)

(b) गणना (Calculation) आधारित प्रश्न

(c) मत/राय (Opinion) आधारित प्रश्न

(d) परिदृश्य (Scenario) आधारित प्रश्न

चरण-5 अपने चरण 3 में तैयार किए गए चार्ट को अपडेट करें। अब आपके पास यह डेटा होगा कि किसी विशेष अध्याय (और उपविषय) से कितनी बार प्रश्न पूछे गए हैं, साथ ही उनके प्रश्नों के प्रकारों की जानकारी भी होगी।





**Exhibit No 1 – Preparing Chart as suggested in Step No. 3**





**Exhibit No 2 - Examples of Definition based questions**

चरण-6 अब प्रत्येक प्रश्नपत्र को स्वतंत्र रूप से देखें और प्रत्येक प्रकार के प्रश्न के अंतर्गत पूछे गए प्रश्नों की संख्या गिनें, साथ ही उनके लिए निर्धारित अंकों की गणना करें।

हमारे विश्लेषण से यह पता चलता है कि कुछ अपवादों को छोड़कर, लगभग सारे परीक्षा मैं (स्कूल, कॉलेज, विश्वविद्यालय या पेशेवर परीक्षा), परिभाषा आधारित प्रश्न (Definition-based Questions) कुल अंकों का लगभग 30% से 65% तक कवर करते हैं। यह एक महत्वपूर्ण आँकड़ा है।

इसका क्या तात्पर्य है ? यदि हम परिभाषा आधारित प्रश्नों पर ध्यान केंद्रित करें, तो इससे हमें एक मजबूत आधार मिलता है, जिससे अच्छे अंक प्राप्त करना या परीक्षा में असफलता से बचना आसान हो जाता है।

**परिभाषा आधारित प्रश्नों के उदाहरण :**

(a) परिभाषित करें और समझाएँ ..................

(b) .................. के बीच अंतर बताइए।

(c) .................. के उदाहरण दीजिए।

(d) .................. समझाइए

(c) .................. पर संक्षिप्त टिप्पणी लिखिए।

(संदर्भ: प्रदर्शनी 2) इसमें मानक 10 की परीक्षा (धारा D, जिसे कठिन अनुभाग माना जाता है), इंजीनियरिंग स्तर की परीक्षा, और चार्टर्ड अकाउंटेंसी फाइनल परीक्षा में पूछे गए परिभाषा आधारित प्रश्नों के उदाहरण दिए गए हैं।

इसी तरह, हर तरह की परीक्षा पत्रों की विश्लेषण प्रक्रिया को अन्य प्रकार के प्रश्नों पर भी लागू किया जाना चाहिए, जैसे किः

- गणना आधारित प्रश्न (महत्वपूर्ण और बार-बार उपयोग किए जाने वाले सूत्र, जटिल गणनाएँ आदि)
- मत/राय आधारित प्रश्न (राय का आधार, प्रयुक्त भाषा आदि)
- अन्य प्रश्नों के प्रकार

**सफलता की कुंजी - "रणनीति" (Strategy)।** किसी भी परीक्षा में सफलता प्राप्त करने के लिए सही रणनीति तैयार करना आवश्यक है। यद्यपि हम यह स्वीकार करते हैं कि प्रस्तावित चरण सभी परीक्षाओं के लिए समान रूप से उपयुक्त नहीं हो सकते, लेकिन हमारे विचार से, इस प्रकार की विस्तृत तैयारी, तर्कसंगतता और विश्लेषण निश्चित रूप से परीक्षा प्रश्नपत्र की भविष्यवाणी करने और परीक्षा की अनिश्चितता को कम करने में मदद करता है।

भय से विश्वास की ओर यात्रा। यह प्रक्रिया मन को भय (Fear) के क्षेत्र से बाहर निकालकर विश्वास (Faith) के क्षेत्र की ओर ले जाती है। ऊपर देखा हुवा, करेज स्केल पर एक निश्चित स्तर तक, जितना अधिक मानवी मन विश्लेषणात्मक होगा, उतना ही अधिक करेज स्केल पर इसका स्कोर बढ़ेगा-200 अंकों से ऊपर, जहाँ आत्म-विकास के लिए सही स्थिति होती है।

# વેકેશનમાં વર્ગશિક્ષણ

- દિનેશ માંકડ (9427960979

મથાળું વાંચીને કેટલાક આચાર્ય મિત્રોના નાકના ટીચકા ચડશે; 'વર્ષ આખું કોલાહલ અને ઘોંઘાટ અને ટાઈમટેબલના ચક્કરમાંથી ફસાયેલા હોઈએ. તો વેકેશનમાં તો શાંતિથી વહીવટી વગેરે કાર્ય કરી શકીએ. એમાં ક્યાં માથેથી નવો ભાર લેવો?'

મિત્રો, એમની વાત થોડી સાચી પણ છે. પણ વેકેશનમાં વર્ગ શિક્ષણ અનેક અનેક ફાયદા લાવે જ છે. દેખીતી રીતે પહેલી નજરે આ કાર્ય લગભગ અશક્ય જ લાગે છે. કેટલીક શાળાઓ થોડા પ્રયત્ન કરીને પછી છોડી પણ દે છે. અલબત્ત કેટલા વિરલા આચાર્ય નિયમિત ચાલુ જ રાખે છે.

સ્વાભાવિક રીતે પહેલો સવાલ આવે કે શા માટે વેકેશનમાં વર્ગ શિક્ષણ રખાય ? મિત્રો હકીકતમાં તો વેકેશન પણ ભૂરિયાઓની દેન છે. પોતાના દેશના 6 કે 7 ડિગ્રીમાં જીવનારા ભારતના 40-42 ડિગ્રીમાં આવી તો ગયા. શિયાળો તો કાઢ્યો પણ ઉનાળો કેમ નીકળે ? હવા ખાવાના સ્થળ બનાવ્યાં અને કાં તો સ્વદેશ ભાગે. એટલે આવ્યું વેકેશન. આપણી ભારતીય સંસ્કૃતિ તો ગુરુકુળમાં 7 વર્ષે ગયેલું સંતાન 25 વર્ષે ઘેર આવે. સારા માઠા પ્રસંગે પણ ઘેર નહિ ગુરુકુળ જ. ન જોવાના ટાઢ તાપ અને ન જોવા ના દિવસ રાત. તો જ વિદ્યા ચડે.

એક હકીકત છે કે શરીર કે મનને જેટલું અને જેવું કેળવીએ તેટલું તે કેળવાય. વર્તમાન શિક્ષણ પદ્ધતિ વેકેશન,વિકલ્પ કસોટી અને અનેક રજાઓ આપીને વિદ્યાર્થીને સાવ આળસુ જ બનાવી દીધો છે. 365 દિવસના વર્ષમાંથી માત્ર 200 દિવસ અને તે પણ માત્ર પાંચેક કલાક શાળા ચલાવીને એને શું મળવાનું ? છેલ્લી ઘડીએ દોડતા અભ્યાસક્રમ અને ઘેર રાત ઉજાગરા અને ઊંચાં નિશાન. પરિણામ માં વિદ્યાર્થીઓમાં તણાવ અને નિરાશા ના વાળનો. અને પછી મોટી મોટી મનોવિજ્ઞાનની વાતો.

બીજી બાજુ શિક્ષકમિત્રોને પણ પ્રવાસ પર્યટન અને ઘરના પ્રસંગોનું આયોજન ઘડવામાં વેકેશન ને આધાર બનાવવો પડે કારણકે વેકેશનને લીધે હકક રજા ઓછી. અને આમેય ચાલુ પગારે રજા {વેકેશન} કોને ન ગમે ? અલબત્ત આપણે આચાર્યો એમાંથી બાકાત છીએ. વાત સાચી લાગે

તો પણ વિના વેકેશનની શાળા તો શક્ય નથી પણ જેટલું અને જેવું વર્ગ શિક્ષણ વેકેશનમાં થાય. શાળામાં કોલાહલ નહિ પણ કલરવ ચાલુ રહે તેવા પ્રયોગ ચોક્કસ હાથ ધરવા જેવા છે. વાસ્તવિક રીતે થોડું કપરું લાગે તેવું છે પણ 'હિમતે મર્દા તો મદદે ખુદા ' કહેવતમાં વિશ્વાસ રાખી ને પ્રયાસ કરી શકાય.

**આયોજન** - સૌ પ્રથમ આપણા જ શિક્ષક મિત્રોમાંથી કેટલા આ જ શહેરમાં જ કેટલા અને ક્યાં દિવસો ઉપલબ્ધ છે તે વિગત પ્રાપ્ત કરી લેવાય. સાથે સાથે શહેરના આપણા જાણીતા અને શાળાની નજીક રહેતા નિવૃત્ત શિક્ષકો ,આચાર્ય મિત્રો, વિદ્વાનો ,નિષ્ણાતો શોધી તેમની યાદી બનાવી લેવાય. વાલી મિટિંગ અને પત્ર સંપર્ક કરીને શુભ હેતુથી ચાલનારા વેકેશન વર્ગોમાં તે પોતાનું બાળકને વેકેશનમાં શાળામાં મોકલવા સહમત છે તેવી શક્ય તેટલી સહમતી મેળવી લેવી. {મોટાં ધોરણમાં તો તગડી ડી ભરીને ટ્યુશનના વેકેશન બેચમાં તો મૂકે જ છે.}

**શાનું વર્ગ શિક્ષણ?** – સ્વાભાવિક છે કે નિયમિત અભ્યાસક્રમ અહીં નથી ચલાવવાનો. પરંતુ વિદ્યાર્થીના લાભ ઉપરાંત શાળાને પણ પ્રત્યક્ષ પરોક્ષ લાભ મળે તેવા વર્ગો ગોઠવી શકાય.

**{1} સ્ટાર બેચ** - ઘણા વર્ગો હોય તો વર્ગદીઠ આગળના પરિણામ અનુસાર પ્રથમ પાંચ વિદ્યાર્થી, ઓછા વર્ગ હોય તો થોડા વધારે ,એવા તેજસ્વી અને આશાવાદી વિદ્યાર્થીઓને વેકેશન વર્ગમાં પ્રોત્સાહિત કરીને પછીના વર્ષનો પાયો મજબૂત કરી શકાય.

**{2} નબળા વિદ્યાર્થીઓ વર્ગ** - જે વિદ્યાર્થીઓ માંડ માંડ પાસ થયા છે તેમના કારણોમાં તેમની જે તે વિષયની પાયાની સંકલ્પનાઓ નબળી હોય. દા. ત. ગણિતના મૂળ પાયાના સિદ્ધાંતો જ નબળા હોય ,વગેરે તો આવા વિદ્યાર્થીઓને થોડો ટકોરો મળે તો તેના પછીના વર્ષ સારા જાય જ. જાણીતા લેખક અને ગણિતના વિદ્વાન પ્રાધ્યાપક ફાધર વાલેસે પોતાના પુસ્તકમાં લખેલો અનુભવ મુકવાનું મન થાય છે. વર્ગમાં ફરતાં, એક વિદ્યાર્થીના અધૂરા દાખલામાં તેમણે વિદ્યાર્થીના ખભે હાથ મૂકી ને બે નવા પગથિયાં ઉમેરી બતાવ્યા. બાકીનો દાખલો વિદ્યાર્થીએ પૂરો કર્યો. તેનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ એટલાં વધ્યા કે તેને યુનિવર્સીટી પરીક્ષામાં ગણિતમાં સૌથી વધારે ગુણ આવ્યા.

**{ 3} સામાન્ય જ્ઞાનના વર્ગો** - વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધતી જાય છે, ત્યારે આગળના અભ્યાસ માટે અન્ય સંસ્થા પ્રવેશમાં કે પછી આગળ ઉપર ઇન્ટરવ્યૂ અને ગ્રુપ ચર્ચામાં જોડાવાનું હવે લગભગ આવશ્યક બની ગયું છે. આજના વિદ્યાર્થી પાસે પોતાના સીમિત ગમતા

વિષય સિવાય સામાન્યજ્ઞાન બિલકુલ નથી. રણબીરની નવી ફિલ્મ ખબર હશે પણ ભારતીય સિનેમાનો ઇતિહાસ નથી જાણતો. નાણામાંત્રીશ્રીનું નામ ખબર છે પણ બજેટની અંદરની વિગત જરાપણ ખબર નથી. મોબાઈલ આવ્યા પછી તેના પાસે આવું જાણવાનો કે વાંચવાનો સમય બચતો પણ નથી. શાળા જો આવા વેકેશન વર્ગો ગોઠવી તેમને તે દિશામાં પ્રેરિત કરી શકે.

**{ 4} સંસ્કૃતિ જાગરણ વર્ગો** - વિશ્વની સૌથી પ્રાચીન એવી ભારતીય સંસ્કૃતિને નવી શિક્ષણ નીતિમાં પણ પ્રાધાન્ય અપાયું છે. દેશ પાસે અગણિત મહાન ચરિત્રો છે. તેમના જીવન અને વિચારો માનવ જીવનના ઘડતરમાં ખુબ મોટો ફાળો આપે છે નિયમિત વર્ગ શિક્ષણમાં તેને માટે સમય ફાળવવાની ઘણી મર્યાદા હોય. પણ વેકેશનમાં શિક્ષકો કે બહારમાં વક્તાઓ દ્વારા આવા ચરિત્રોથી વિદ્યાર્થીઓને જીવન દિશા આપી શકાય. એ જ રીતે વેદ ,ઉપનિષદો,પુરાણો શ્રીમદ ભગવદ ગીતા જેવા મહાન ગ્રંથોનો પરિચય આપીને મૂલ્ય પણ સમજાવી શકાય. સંસ્કૃતના અનેક સુભાષિતો ખુબ ખુબ જીવન સંદેશ આપી જાય છે આવા સુભાષિતોથી પણ વિદ્યાર્થીઓને સુપરિચિત કરી શકાય. સંસ્કૃત ભાષાની વિશેષતા એ છે કે તેને વારંવાર બોલવાથી યાદશક્તિ વધે જ છે એ વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલું છે. શ્રી મદ ભગવદગીતાના અધ્યાય ,અન્ય સ્તોત્રો કંઠસ્થ કરવાના વર્ગો કે સ્પર્ધા પણ ગોઠવી શકાય.

આ તો નાની યાદી છે પણ આચાર્યમિત્ર પોતાની સંકલ્પનાથી અને શિક્ષક મિત્રોની રુચિ અનુસાર આયોજન ચોક્કસ કરી શકે.

મિત્રો, આપણે {અને શિક્ષક મિત્રો} મળતાં આર્થિક વળતર અનુસાર તો કાર્ય કરીએ જ છીએ પણ એથી વિશેષ શું ? શ્રી મદ ભગવદ્ગીતાના અઢારમા અધ્યાયમાં એક શ્લોક છે : **स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥** **ભાવાર્થ :** "પરમેશ્વરની -પોતાના સ્વકર્મ- સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને માણસ પરમ સિદ્ધિને પામી જાય છે." મતલબ એ જ કે નિ:સ્વાર્થ કરેલું વિશેષ કાર્ય એ ભગવાનની પૂજા છે.

ઘણા મિત્રો એ આ વિષે વિચારીને આયોજન કરી જ લીધું હશે. આવો આ વેકેશનમાં નાનો સંકલ્પ લઈને વેકેશનમાં વર્ગ શિક્ષણ શરુ કરીએ. પ્રારંભે જેટલું અને જેવું થાય તેવું. તત્ત્વચિંતક પાવેઝ ના શબ્દોને યાદ કરીએ, "જગત માં એક માત્ર આનંદ છે - આરંભ કરવાનો."

## આચાર્ય સજ્જતા

# કો-ઓર્ડિનેટરની ભૂમિકા

**મહેશભાઈ શર્મા**
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

- A.I., E.V. અને રોબોટિક્સનો નવો યુગ હરણભાર ભરી રહ્યો છે. હજી હમણાં સુધી CCC, CCC+ કમ્પ્યુટર પરીક્ષાની પળોજણ માંડ માંડ પતી છે. ત્રિ-સ્તરીય ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મેળવવા માટે કમ્પ્યુટરની આ પરીક્ષાઓ મહત્ત્વની હતી, છે.......
- બીજા મોબાઈલ યુગની વાત કરીએ તો ૨જી, ૩જી, ૪જી, ૫જી સુધી પહોંચી ગયા છીએ. ક્યાં બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી.નો જમાનો અને ક્યાં હથેળી જેવા સ્ક્રીનમાં આખી દુનિયાનો નજારો....... કોઈકને ઈશારો, ચલાવતાં ના આવડે, તેમને મન મૂંઝારો....... આખરે ગલગલિયાં....... ગુબ્બારા અને ગુમશુમ થવાનો ગોટાળો........
- કમ્પ્યુટર યુગ આવ્યો..... ઠેર ઠેર શાળાઓમાં કમ્પ્યુટર આવી ગયાં. નવી સવી કમ્પ્યુટર લેબોરેટરીઓ રચાઈ. મારો દીકરો કમ્પ્યુટર ચલાવે છે. તેનો ગર્વ લેતા. વર્ષો પહેલાં લૉગ ટેબલ શીખવવામાં આવતું હતું.
- અહીં એક સત્યઘટના રજૂ કરવાનું મન થાય છે. ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં લૉગ ટેબલનું મહત્ત્વ નવું સવું ''૧૦+૨+૩'' ની પેટર્નમાં ૧૯૭૬માં નવી તરાહ આવી ત્યારની વાત છે. સૌરાષ્ટ્રનો અંતરિયાળ ગામડાનો એક વિદ્યાર્થી વલ્લભવિદ્યાનગર આર.પી.ટી.પી.માં અભ્યાસ કરતો હતો. તે સમયે પૂરા ગુજરાતમાં આર.પી.ટી.પી. વિજ્ઞાન પ્રવાહ માટે પ્રખ્યાત હતી, લગભગ ૨૨ કરતાંય વધારે વિજ્ઞાન પ્રવાહના વર્ગો ચાલતા હતા. વિધાનગરમાં ભણતા વિદ્યાર્થીને ભણવાની ''દમક'' કરતાં ભૌતિકવાદની ''ચમક'' વધારે અસર કરી ગઈ હતી. ગજા કરતાં વધારે ખર્ચ, શોખને કારણે થઈ ગયો હતો. ખર્ચ કરતાં....... કરતાં દેવું થઈ ગયું હતું. કોઈપણ સંજોગોમાં દેવું ચૂકવવું પડે તેમ હતું.
- સાયન્સના આ વિદ્યાર્થીને પ્રેકટિકલ ગણતરી માટે વપરાતાં ''લૉગ ટેબલ''નો લગાવ લાગ્યો હતો. મનમાં ઝબકારો થયો! ઘરેથી પૈસા મંગાવવા આ ''લૉગ ટેબલ'' ખૂબ જ ઉપયોગી થશે.

તેમ સમજી, અંતરિયાળ ગામડાના પોતાના પિતાશ્રીને સંદેશો પહોંચાડ્યો કે સારા અભ્યાસ માટે ''લૉગ ટેબલ'' જરૂરી છે. ''લૉગ ટેબલ'' માટે રૂપિયા મંગાવ્યા..... અંતરિયાળ ગામડાના ભલાભોળા બાપે તરત જ પોતાના વ્હાલસોયા બેટાની અભ્યાસમાં ઉણપ ના રહે એટલે પોતે દેવું કરીને ''લૉગ ટેબલ'' માટે રૂપિયા મોકલ્યા........ અભ્યાસ પૂર્ણ થયો અને બાપા રૂબરૂ આવ્યા અને તેમને પણ ''લૉગ ટેબલ'' જોવાની તાલાવેલી લાગી હતી. અચાનક જ દીકરાને સવાલ કર્યો બેટા ''લૉગ ટેબલ'' ક્યાં છે? દીકરો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો......... બાપાને બાઝી દેવું ચૂકવવા ''લૉગ ટેબલ'' ની મનઘડંત વાત કરી હતી, રમત રમી હતી. ગળે ડૂમો ભરાઈ ગયો હતો. લૉગ ટેબલના સહારે લોન્ગ ટાઈમ એશો આરામમાં પૈસા વેડફ્યા........ બાપાને છેતર્યા, આખરે પશ્ચાતાપ થયો..... જીવનમાં સુધાર લાવવાની તક મળી.......

- હાલ કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, વ્હાઈટ બોર્ડ, ઈલેક્ટ્રોનિક્સ બોર્ડ, ટેબલેટ વગેરે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા માટે વિશાળ માત્રામાં, શ્રેણીમાં ઉપલબ્ધ છે. એકબાજુ ફક્ત ચોક-ટોક અને કાળા પાટિયાંનું શિક્ષણ છે. બીજી તરફ ઉપર્યુક્ત ડીઝીટલ પ્લેટફોર્મની ભરમાર છે. કેટલી મોટી વિસંગતતા...? વન નેશન વન એજ્યુકેશન...... જરૂર છે. વન કો-ઓર્ડીનેટરની ખાટલે મોટી ખોટ એ છે કે બાળકને વાંચતા, લખતાં પણ બરાબર આવડતું નથી. ગણતરી કરવાની વાત તો બાજુ પર રહી.........

- તાત્પર્ય એ છે કે આ એજયુકેશનના આટાપાટામાં આપણે વિદ્યાર્થીને શીખતો કરવાનો છે. ''જાગ્યા ત્યારથી સવાર''........... માતૃભાષામાં શિક્ષણ મેળવતો હોય તો માતૃભાષામાં લખતાં..... વાંચતા...... અને વ્યવહારિક ગણતરી કરી શકે તેવો તૈયાર કરવો જ રહ્યો....... આપણે સહુ જાણીએ છીએ કે કોઈ કોઈને કઈ જ શીખવી શકતું નથી, પરંતુ શીખવા માટે વિદ્યાર્થીને સુસજ્જ કરવો પડે છે.......... કો-ઓર્ડીનેટર તરીકે સુસજ્જ થઈ મારા આચાર્યશ્રીઓ એ આ બાબત ધ્યાનમાં રાખવી પડશે...... કામ કરવા માંગતા શિક્ષક ભાઈ-બહેન હોય તેવા કર્મચારીને સાથે રાખીને, હોંશિયાર, સારી રીતે લખતાં, વાંચતા, ગણતરી કરી શકતા હોય તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનોનો સાથ-સહકાર લેવો પડે તો લઈને પણ આ બાબતને ધ્યાનમાં રાખજો....... વિદ્યાર્થી ભાઈ-બહેનો વાંચન, લેખન અને ગણતરી કરી શકે તેવું આયોજન કો-ઓર્ડીનેટરની ભૂમિકા ભજવી સજ્જ થાઓ એ જ અભ્યર્થના સહ........

# ગુણવત્તાયુક્ત શિક્ષણ

**જાગૃતિબેન જે. ભટ્ટ** (આચાર્યા)
હરિઓમ વિદ્યાલય ગર્લ્સ હાઈસ્કૂલ,
રાજકોટ

**પ્રસ્તાવના :**

વર્તમાન સમયમાં દેશનું ભવિષ્ય મજબૂત અને સુરક્ષિત બનાવવા માટે ગુણવત્તાયુકત શિક્ષણ આવશ્યક છે. દેશના વિકાસનો આધાર શિક્ષણના પાયામાં છે. ભારતને મહાસત્તા બનાવવા માટે શિક્ષણ એ પાયાની ભૂમિકા છે. ભારતે ગુણવત્તાયુક્ત શિક્ષણની તકો ઉપલબ્ધ કરાવવી પડશે. જે આત્મનિર્ભર ભારતની કલ્પના વધુ પીઠબળ પૂરું પાડશે. શિક્ષણની ગુણવત્તાનું માપન માત્ર વિદ્યાર્થીના પરિણામથી જ થાય એવું નથી. પરંતુ વિદ્યાર્થીના પરિણામ સાથે સર્વાંગી વિકાસ એ શિક્ષણની ગુણવત્તાનું પ્રતિબિંબ છે. દેશની સામાજિક આર્થિક વ્યવસ્થાને જાળવી રાખવા શિક્ષણ અગત્યનું પરિબળ છે. શિક્ષણની ગુણવત્તામાં 2023 સુધીની પરિસ્થિતિમાં ભૌતિક અને માળખાગત સુવિધામાં નોંધપાત્ર સુધારો થયો છે.

**ગુણવત્તાયુક્ત શિક્ષણનો અર્થ :**

"શિક્ષણ જે વિદ્યાર્થીને આર્થિક, સામાજિક રીતે વિદ્યાર્થીના વિકાસમાં મદદ કરે એટલે કે માત્ર પરિણામ આંકડાલક્ષી જ નહીં પણ ગુણોલક્ષી શિક્ષણ જે વિદ્યાર્થીના ભવિષ્યની દિશા નક્કી કરી આપે છે."

આમ ગુણવત્તાયુક્ત શિક્ષણ એટલે એવું શિક્ષણ જે કાયમી શિક્ષણ બની રહે. શિક્ષણ જે જાણતા શીખવે. વિદ્યાર્થીને જ્ઞાનનો ઉપયોગ કરતા શીખવે અને સમાજમાં સાથે રહેતા શીખવે.

**ગુણવત્તાયુક્ત શિક્ષણની કેટલીક સંસ્થા**

૧. નીતિઆયોગ SEQI સેકન્ડરી એજ્યુકેશન ક્વોલિટી ઇન્ડેક્સ
૨. શિક્ષણમાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ
3. પરખ PARAKH (performance assessment, review,and analysis of knowledge of holistic)

૪. નિષ્ઠા NISHTHA NATIONAL Initiative for school heads'and teachers'holistic advancement

૫. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડીટેશન કાઉન્સિલ (NAAC)

## ગુણવત્તા યુક્ત શિક્ષણ માટેના પ્રયાસો

### 1. સર્વગ્રાહી અને બહુ શાખાકીય અભિગમ

NEP2020 એ શિક્ષણ માટે સર્વગ્રાહી અને બહુ-શાખાકીય અભિગમ રજૂ કરે છે. તે વિદ્યાર્થીના વિષયોની શ્રેણીને અનુસરવા અને સારી રીતે જ્ઞાન આધાર પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે. આ અભિગમ માત્ર વિદ્યાર્થીના નિર્ણાયક વિચારસરણી કૌશલ્યને જ નહિ પરંતુ ગુણવત્તાયુક્ત શિક્ષણનો પાયો નાખતા તેઓ વ્યાપક શિક્ષણ મેળવે તેની પણ ખાતરી કરે છે.

### 2. લવચિક અભ્યાસક્રમ અને પસંદગી આધારિત ક્રેડિટ સિસ્ટમ

NEP - એક લવચિક અભ્યાસક્રમની હિમાયત કરે છે. જે વિદ્યાર્થીને વિષયની વિશાળ શ્રેણીમાંથી પસંદગી કરવાની મંજૂરી આપે છે. અને ઉચ્ચ શિક્ષણ સ્તરે ચોઇસ આધારિત ક્રેડિટ સિસ્ટમ (CBCS) ને પ્રોત્સાહન આપે છે. આ સુગમતા વિદ્યાર્થીઓને તેના શિક્ષણ અને તેની રુચિ અને કારકિર્દીની આકાંક્ષાઓને અનુરૂપ બનાવવા સક્રિય જોડાણને પ્રોત્સાહન આપીને શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવા માટે સક્ષમ બનાવે છે.

### 3. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ક્રેડિટ કોર્સ

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ક્રેડિટ કોર્સની શરૂઆત ગુજરાત અને અન્ય રાજ્યમાં વિવિધ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીને અભ્યાસક્રમ ઉપરાંત વધારાના સર્વગ્રાહી શિક્ષણ માટે ક્રેડિટ કોસ માટે પ્રવેશ આપવામાં આવશે.

### 4. ડિજિટલ લર્નિંગ પર ધ્યાન

COVID-19 રોગચાળાને પગલે NEP-2020 ડિજિટલ લર્નિંગના મહત્ત્વને ઓળખે છે. તે શિક્ષણ માટે ટેકનોલોજીના એકીકરણ અને પ્રોત્સાહિત કરે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણને દૂરના વિસ્તારોમાં પણ સુલભ બનાવે છે.

**5. શિક્ષક તાલીમ અને વ્યવસાયિક વિકાસ**

ગુણવત્તાયુક્ત શિક્ષણ યોગ્યતા સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. NEP 2020 શિક્ષક તાલીમ અને સતત વ્યવસાયિક વિકાસના મહત્ત્વ પર ભાર મૂકે છે.

**6. બહુભાષી શિક્ષણ**

NEP-2020 બહુભાષિયતા અને પ્રોત્સાહન આપે છે અને વિદ્યાર્થીઓ પ્રાદેશિક ભાષાઓ સહિત ઓછામાં ઓછા ત્રણ ભાષામાં નિપુણ બને તે સુનિશ્ચિત કરવાનું હેતુ છે. આ અભિગમ માત્ર ભાષાકીય વિવિધતાને જાણવાનો નથી. પરંતુ જ્ઞાનાત્મક ક્ષમતાઓ અને સાંસ્કૃતિક સમજને પણ વધારે છે.

**7. સંશોધન અને નવીનતા**

ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં વધારવા માટે નીતિ સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપે છે. તે સંશોધન કલસ્ટરોની સ્થાપના ને પ્રોત્સાહન આપે છે. અને સંશોધન પ્રોજેક્ટ માટે ભંડોળ પૂરું પાડે છે.

**8. ભંડોળ અને સંસાધન ફાળવણી**

નીતિના ઉદ્દેશ્યને સાકાર કરવા માટે ઇનફ્રાસ્ટ્રક્ચર, શિક્ષક તાલીમ, તકનીકિ સંકલન અને નવી સંસ્થાઓની સ્થાપનમાં નોંધપાત્ર રોકાણની જરૂર છે.

**ગુજરાતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ વધારવા માટેના વિવિધ ક્ષેત્રો**

શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે શિક્ષણનાં વિવિધ ક્ષેત્રોમાં ચાલતી પ્રક્રિયા, અપનાવાતા અભિગમ અને ઉપયોજાતી પ્રયુક્તિઓમાં ધરમૂળથી પરિવર્તન લાવવું જરૂરી બને એ માટે નીચે મુજબના ક્ષેત્રો અપનાવી શકાય:

**(1) શૈક્ષણિક આયોજન**

આયોજનની પ્રક્રિયા એ કોઈ પણ સંસ્થા માટે ખૂબ જ અગત્યની પ્રક્રિયા છે. આયોજન વિકાસ માટે પૂર્વશરત છે. શિક્ષણમાં આયોજન જ અડધી સફળતાનો આધાર બને છે. આ ક્ષેત્ર ખૂબ વિશાળ છે. તેમાં માસિક, વાર્ષિક, પ્રોક્સી તાસનું, વિષયવાર આ બધા પ્રકારનાં આયોજનનો સમાવેશ કરવામાં આવે છે. પ્રત્યેક પ્રકારના આયોજનમાં પ્રવૃત્તિઓ, સંમેલનો, તહેવારોની ઉજવણી, પ્રાયોગિક કાર્ય, ગૃહકાર્ય, પ્રોક્સી તાસમાં કરી શકાય એવી પ્રયુક્તિઓ અને પ્રવૃત્તિઓ વગેરેનો

સ્પષ્ટ, વિગતવાર ઉલ્લેખ કરવો જરૂરી અને પ્રત્યેક પ્રવૃત્તિ અને પ્રયુક્તિઓ હાથ ધરવા માટેની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ હોય તે જરૂરી છે. આમ આયોજન ગુણવત્તાને નિર્ધારિત કરે છે.

**(2) અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા**

આમાં શિક્ષણની વિષય માટેની તૈયારી, તેનું વિષય પરનું પ્રભુત્વ, શિક્ષણની રજૂઆત, શિક્ષણને અસરકારક, અર્થસભર અને ચિરંજીવ બનાવવા માટે શિક્ષકોએ લેવાની કાળજી તથા વિવિધ અધ્યાપન પદ્ધતિ દ્વારા અધ્યાપન કાર્ય, શાળા પુસ્તકાલય ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વર્ગ પુસ્તકાલય વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(3) વર્ગવ્યવહાર**

વિદ્યાર્થીના આદર્શ મૂર્તિ એવા શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે વર્ગવ્યવહાર, વિદ્યાર્થીઓ સામે અને તેમની હાજરીમાં આચાર્ય સાથેનો વ્યવહાર, આચાર્ય દ્વારા વર્ગનિરીક્ષણ વગેરેનો સમાવેશ આમાં થશે.

**(4) મૂલ્યાંકન**

મૂલ્યાંકનની વિવિધ પ્રવિધિઓ જેવી કે શૈક્ષણિક મૂલ્યાંકન, નિદાન, ઉપચાર, સતત સર્વાંગી મૂલ્યાંકન આ બધાને અંતર્ગત વિવિધ પ્રકારની કસોટીઓની રચના, પ્રશ્નબેંક, મૂલ્યાંકન પ્રવિધિમાં આવતા નવવિચારો વગેરે ક્ષેત્રમાં ફેરફાર કરવાં.

**(5) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ**

શાળામાં વિદ્યાર્થીઓના બૌધ્ધિક, શારીરિક, નૈતિક સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રકારની પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. એમાં વિવિધ પ્રકારની આંતરિક તેમ જ બાહય પ્રવૃતિઓ, જ્ઞાનવર્ધક અને જ્ઞાનપૂરક પ્રવૃતિઓ, વકતૃત્વ, નિબંધ સ્પર્ધાઓ, વગેરે..

**(6) વ્યવસ્થાપન**

શાળાવ્યવસ્થાપન અને વર્ગવ્યવસ્થાપનને લગતી બધી જ પ્રવૃત્તિઓ, જેમાં શાળા અને વર્ગનું ભૌતિક પર્યાવરણ, હવા, ઉજાસ, સ્વચ્છતા, પ્રાથમિક આવશ્યકતાઓ અને અનિવાર્ય સૂવિધાઓ-આ બધાનો સમાવેશ થશે.

**(7) સંચાલન અને વહીવટ**

આચાર્યનો નેતૃત્ત્વવ્યવહાર એ આનું મહત્ત્વનું પાસું છે, જેમાં આચાર્યની વિદ્યાર્થીઓ,

સમાજ અને વ્યવસાય પ્રત્યેની અને તેમાં ઉત્કૃષ્ટતા લાવવા માટેની પ્રતિબદ્ધતા ઉપરાંત શિક્ષકસભા, શિક્ષકોની સંગોષ્ઠિ, સેવાકાલીન તાલીમ, માનવસંબંધો વિકાસાવવા, પ્રતિભાવો અને પ્રતિપોષણ મેળવવાં વગેરેનો સમાવેશ થાય છે.

**(8) સહભાગીપણું**

આમાં શાળાના કર્મચારીઓ, આચાર્ય, શિક્ષકો, વહીવટી કર્મચારીઓના સહભાગીપણા ઉપરાંત વાલી અને સમાજનો સહયોગ અને તેમનાં વિવિધ મંડળો અને સંગઠનોની ભાગીદારી, વિદ્યાર્થીઓનો સહયોગ અને સહભાગીતા, સંચાલક મંડળનો સહયોગ-આ બધી બાબતોનો સમાવેશ થશે.

**(9) નવોન્મેષોનો સ્વીકાર અને ઉપયોજન**

માનવસ્વભાવ છે કે કંઈ નવું આવે એટલે એની આલોચના કરવી. બને ત્યાં સુધી તેનાથી દૂર રહેવું. પરંતુ શિક્ષક માટે આ વૃત્તિ ખતરનાક સાબિત થઈ શકે છે. પ્રવર્તમાન નવોન્મેષોમાં ઇન્ફરમેશન ટેકનોલોજી અંતગર્ત તેના પાયા પર નિર્માણ પામતી પ્રવૃત્તિઓ જેવી કે કમ્પ્યુટરની મદદથી શિક્ષણ, કમ્પ્યુટર પ્રયોગશાળા, શાળાશિક્ષણને લગતી, શાળાના વહીવટને અને સંચાલનને લગતી, મૂલ્યાંકન અને માહિતીપ્રેષણને લગતી, શાળાના વિઝન, મિશન અને પોઝીશનને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થશે.

**(10) શૈક્ષણિક સંસ્થાકીય ભાવાવરણ**

શાળાનું પર્યાવરણ ઉત્તમ હોય એ જરૂરી, પરંતુ ભાવાવરણ જેમાંથી નિષ્પન્ન થાય છે તે આચાર્ય, શિક્ષકો, કર્મચારીઓ, વાલી, સમાજ વગેરે વગેરે વચ્ચેના પારસ્પરિક માનવીય સંબંધો ઉષ્માભર્યા, મમતાળુ, ધબકતા અને સહાનુભૂતિભર્યા હોય એ વધુ આવશ્યક છે. આમાં આંતરિક વહીવટની પારદર્શિતા, શાળાના વિઝન અને મિશનને અનુલક્ષીને શાળાનીવિશિષ્ટતા વગેરેનો સમાવેશ થશે.

**સારાંશ :**

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સૌનો સાથ સહકાર જરૂરી છે. આ માટે નાગરિક, સામાજિક સંસ્થાઓ, માતા પિતા,સરકાર, સમુદાયના સભ્યો અને બાળકોના પ્રયત્નોથી શિક્ષણને ગુણવત્તા યુક્ત બનાવી શકાય. શાળાના શિક્ષણને સુધારવા માટે શિક્ષણની પદ્ધતિઓ તાલીમની પદ્ધતિઓ અને પરીક્ષણમાં સુધારો જરૂરી છે. ગુણવત્તા યુક્ત શિક્ષણ માટે શિક્ષણની નવી પદ્ધતિઓ વિકસાવી જોઈએ. પરીક્ષા અને મૂલ્યાંકનની વ્યાપક પદ્ધતિઓ નક્કી કરવી જોઈએ.

# AI યુગમાં Mindfullnessનું મહત્ત્વ

**- જી. એસ. દેધરોટીયા,** પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

In the age of AI, mindfulness is more important than ever. With constant digital distractions, rapid automation, and AI-driven decisions, mindfulness helps individuals stay present, reduce stress, and improve focus. It fosters emotional intelligence, creativity, and ethical thinking-qualities that AI lacks. By practicing mindfulness, we can maintain human-centered values, enhance mental well-being, and make thoughtful decisions in an increasingly AI-driven world.

Mindfulness એટલે ચેતનાપૂર્વકની જાગૃતિ અથવા સજાગતા. ગુજરાતીમાં આને "સંપૂર્ણ ધ્યાન" અથવા "હાજરીમાં જીવવું" તરીકે પણ સમજી શકાય. તે એક માનસિક અવસ્થા છે જેમાં વ્યક્તિ પોતાના વર્તમાન ક્ષણના અનુભવો પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરે છે, બિનજરૂરી વિચારોમાં ખોવાયા વિના અને કોઈપણ પૂર્વગ્રહ કે નિર્ણય લીધા વિના. આ એક પ્રાચીન બૌદ્ધ પરંપરામાંથી ઉદ્‌ભવેલી વિભાવના છે, જેને આજે આધુનિક મનોવિજ્ઞાનમાં પણ સ્થાન મળ્યું છે, ખાસ કરીને તણાવ ઘટાડવા અને માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટે.Mindfulness નો વિસ્તૃત અર્થ:વર્તમાનમાં જીવવું: Mindfulness એટલે ભૂતકાળની ચિંતાઓ કે ભવિષ્યની આશંકાઓથી મુક્ત થઈને, હમણાંની ક્ષણમાં સંપૂર્ણ રીતે હાજર રહેવું. ઉદાહરણ તરીકે, જો તમે ચા પીતા હોવ, તો ચાનો સ્વાદ, તેની ગરમી અને તેની સુગંધ પર ધ્યાન આપવું એ Mindfulness છે.નિરીક્ષણ અને સ્વીકૃતિ: તેમાં તમારા વિચારો, લાગણીઓ અને શારીરિક સંવેદનાઓને માત્ર નિરીક્ષણ કરવું અને તેને સ્વીકારવું શામેલ છે, બદલવાનો કે વિરોધ કરવાનો પ્રયાસ કર્યા વિના. જેમ કે, જો તમે ગુસ્સે થયા હોવ, તો તે ગુસ્સાને દબાવવાને બદલે તેને અનુભવો અને સમજો.ધ્યાન અને શ્વાસ: Mindfulnessની પ્રેક્ટિસ ઘણીવાર ધ્યાન (meditation) દ્વારા કરવામાં આવે છે, જેમાં શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું એ સામાન્ય રીત છે. દરેક શ્વાસ સાથે તમે તમારી જાતને વર્તમાનમાં લાવો છો.ફાયદા:તણાવ ઘટાડે: Mindfulness તમને નકારાત્મક વિચારોના ચક્રમાંથી બહાર નીકળવામાં મદદ કરે છે.એકાગ્રતા વધારે: ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા સુધરે છે.ભાવનાત્મક સ્થિરતા: લાગણીઓને સમજવામાં અને નિયંત્રિત કરવામાં સરળતા રહે છે.શારીરિક સ્વાસ્થ્ય: બ્લડ પ્રેશર ઘટાડવું, ઊંઘ સુધારવી જેવા ફાયદા પણ જોવા મળે છે.પ્રેક્ટિસ કેવી રીતે કરવી ?સાદી શરૂઆત: દરરોજ 5-10 મિનિટ શાંતિથી બેસીને શ્વાસ પર ધ્યાન આપો.રોજિંદા કામમાં: ખાતી વખતે, ચાલતી વખતે કે કામ કરતી વખતે પણ તમે જે કરો છો તેના

પર સંપૂર્ણ ધ્યાન આપી શકો.ગાઈડેડ મેડિટેશન: ઓનલાઇન ઉપલબ્ધ ગાઈડેડ Mindfulness સેશન્સનો ઉપયોગ કરી શકાય.ટૂંકમાં, Mindfulness એ જીવન જીવવાની એક કળા છે, જે તમને દરેક ક્ષણને સંપૂર્ણ રીતે અનુભવવાની અને માનસિક શાંતિ મેળવવાની તક આપે છે.

AIના યુગમાં mindfulness એટલે શું તે સમજવા માટે આપણે પહેલા mindfulness અને AI (કૃત્રિમ બુદ્ધિ) ની વ્યાખ્યાઓ અને તેમના સંબંધોને સમજવું જરૂરી છે. mindfulness એટલે ચેતનાત્મક ધ્યાન, જેમાં વર્તમાન ક્ષણમાં સંપૂર્ણ રીતે હાજર રહેવાની ક્ષમતા અને તેને સ્વીકારવાની ભાવના છે. આજે AIના યુગમાં, જ્યાં તકનીક અને મશીનો આપણા જીવનમાં વધુને વધુ ઘૂસી રહ્યા છે, ત્યારે mindfulness એક મહત્ત્વપૂર્ણ સાધન બની રહ્યું છે જે આપણને માનસિક સ્વાસ્થ્ય, સ્થિરતા અને સંતુલન જાળવવામાં મદદ કરે છે.

## 1. Mindfulness ની વ્યાખ્યા અને મહત્ત્વ

Mindfulness એટલે વર્તમાન ક્ષણમાં સંપૂર્ણ રીતે હાજર રહેવાની ક્ષમતા. તેમાં આપણે આપણા વિચારો, લાગણીઓ અને શારીરિક સંવેદનાઓને ધ્યાનમાં લઈએ છીએ, પરંતુ તેમની સાથે જોડાયેલા નથી. mindfulness એ આપણને વર્તમાન ક્ષણમાં જીવવાની કળા શીખવે છે, જે આપણને તણાવ, ચિંતા અને અન્ય માનસિક સમસ્યાઓથી મુક્ત કરવામાં મદદ કરે છે.

AIના યુગમાં, જ્યાં આપણે સતત ડિજિટલ ઉપકરણો અને માહિતીના પ્રવાહમાં ડૂબેલા છીએ, ત્યારે mindfulness એક મહત્ત્વપૂર્ણ સાધન બની રહ્યું છે. તે આપણને આપણા મનને શાંત અને કેન્દ્રિત રાખવામાં મદદ કરે છે, જે આપણને વધુ સ્પષ્ટ અને સચોટ નિર્ણયો લેવામાં મદદ કરે છે.

## 2. AI અને Mindfulness નો સંબંધ

AI અને mindfulness એ બે વિરોધી વિચારધારાઓ જેવા લાગે છે, પરંતુ વાસ્તવમાં તેઓ એકબીજાને પૂરક બની શકે છે. AI એ આપણા જીવનને સરળ અને સુવિધાજનક બનાવવામાં મદદ કરે છે, પરંતુ તે આપણા મન પર દબાણ પણ લાવે છે. mindfulness એ આપણને આ દબાણને સંભાળવામાં મદદ કરે છે અને આપણને વધુ સ્થિર અને સંતુલિત રહેવામાં મદદ કરે છે.

AIના યુગમાં mindfulness ની મહત્ત્વપૂર્ણતા નીચેના પાસાઓમાં જોઈ શકાય છે :

- **માનસિક સ્વાસ્થ્ય :** AI અને ટેકનોલોજીના વધુ પડતા ઉપયોગથી આપણા મન પર દબાણ વધી રહ્યું છે. mindfulness એ આપણને આ દબાણને સંભાળવામાં મદદ કરે છે અને આપણને વધુ શાંત અને સ્થિર રહેવામાં મદદ કરે છે.

- **નિર્ણય લેવાની ક્ષમતા :** AI આપણને વધુ સ્પષ્ટ અને સચોટ માહિતી પ્રદાન કરે છે, પરંતુ તે આપણા નિર્ણય લેવાની ક્ષમતાને પણ પ્રભાવિત કરે છે. mindfulness એ આપણને વધુ સ્પષ્ટ અને સચોટ નિર્ણયો લેવામાં મદદ કરે છે.
- **સર્જનાત્મકતા :** AI આપણી સર્જનાત્મકતાને વધુ પ્રોત્સાહન આપે છે, પરંતુ તે આપણી સર્જનાત્મકતાને પણ મર્યાદિત કરી શકે છે. mindfulness એ આપણને વધુ સર્જનાત્મક અને નવીન બનવામાં મદદ કરે છે.

## 3. AIના યુગમાં mindfulness ની પ્રયુક્તિઓ

AIના યુગમાં mindfulness ની પ્રયુક્તિઓ નીચેના પાસાઓમાં જોઈ શકાય છે :

- **માનસિક સ્વાસ્થ્ય :** mindfulness એ આપણને તણાવ, ચિંતા અને અન્ય માનસિક સમસ્યાઓથી મુક્ત કરવામાં મદદ કરે છે. તે આપણને વધુ શાંત અને સ્થિર રહેવામાં મદદ કરે છે.
- **નિર્ણય લેવાની ક્ષમતા :** mindfulness એ આપણને વધુ સ્પષ્ટ અને સચોટ નિર્ણયો લેવામાં મદદ કરે છે. તે આપણને વધુ સ્પષ્ટ અને સચોટ માહિતી પ્રદાન કરે છે.
- **સર્જનાત્મકતા :** mindfulness એ આપણને વધુ સર્જનાત્મક અને નવીન બનવામાં મદદ કરે છે. તે આપણી સર્જનાત્મકતાને વધુ પ્રોત્સાહન આપે છે.

## 4. AI અને mindfulness નું ભવિષ્ય

AI અને mindfulness નું ભવિષ્ય ખૂબ જ આશાજનક છે. AI આપણા જીવનને સરળ અને સુવિધાજનક બનાવવામાં મદદ કરશે, જ્યારે mindfulness એ આપણને વધુ સ્થિર અને સંતુલિત રહેવામાં મદદ કરશે. આ બંને એકબીજાને પૂરક બની શકે છે અને આપણા જીવનને વધુ સારું બનાવી શકે છે.

AIના યુગમાં mindfulness એક મહત્ત્વપૂર્ણ સાધન બની રહ્યું છે. તે આપણને માનસિક સ્વાસ્થ્ય, સ્થિરતા અને સંતુલન જાળવવામાં મદદ કરે છે. AI અને mindfulness એકબીજાને પૂરક બની શકે છે અને આપણા જીવનને વધુ સારું બનાવી શકે છે. આપણે આ બંનેને સાથે લઈને આગળ વધી શકીએ છીએ અને આપણા જીવનને વધુ સારું બનાવી શકીએ છીએ.આમ, AIના યુગમાં mindfulness એક મહત્ત્વપૂર્ણ સાધન છે જે આપણને માનસિક સ્વાસ્થ્ય, સ્થિરતા અને સંતુલન જાળવવામાં મદદ કરે છે. તે આપણને વધુ સ્પષ્ટ અને સચોટ નિર્ણયો લેવામાં મદદ કરે છે અને આપણી સર્જનાત્મકતાને વધુ પ્રોત્સાહન આપે છે. AI અને mindfulness એકબીજાને પૂરક બની શકે છે અને આપણા જીવનને વધુ સારું બનાવી શકે છે.

# ભારતમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક ઉન્નતિ માટે આવશ્યક : એક રાષ્ટ્ર એક ચૂંટણી

**– ડૉ. જયેશ એ. ઠક્કર**
આચાર્ય, વી.વી. પટેલ વિદ્યામંદિર
રાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા શિક્ષક

ભારતની સ્વતંત્રતા પછીની કેટલીક સામાન્ય ચૂંટણીઓ રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ સાથે એકસાથે યોજાઈ હતી.

જ્યારે આ પ્રથા 1967 સુધી ચાલુ રહી, ત્યારે 1968 અને 1969 માં કેટલીક રાજ્ય વિધાનસભાઓના અકાળ વિસર્જનને કારણે એકસાથે ચૂંટણીઓની વ્યવસ્થા ખોરવાઈ ગઈ. 1971 થી સામાન્ય ચૂંટણીઓ યોજીને ચૂંટણી વ્યવસ્થાને ખોરવી નાખવામાં આવી.

1983 થી ચૂંટણી પંચે એક સાથે યુદ્ધ ચૂંટણી યોજવાનો વિચારને પુનર્જીવિત કરેલ છે.

આર્થિક અને સામાજિક અસરો : ભારતમાં વર્ષ 2024 ની લોકસભાની ચૂંટણીઓ ને અંદાજિત ખર્ચ 1.35 લાખ કરોડ છે જ્યારે 2019 માં આ ખર્ચ 55 થી 60 હજાર કરોડ હતો. આ ખર્ચ માત્ર લોકસભાની ચૂંટણીનું ખર્ચ છે.

સમગ્ર દેશમાં વારંવાર ચૂંટણીને કારણે રૂપિયા ચારથી સાત લાખ કરોડનો અંદાજિત ખર્ચ થાય છે. જે ભારત જેવા વિકાસમાન દેશ માટે પરવડી શકે નહીં.

બીજી તરફ આઘોષિત પ્રચાર ખર્ચ સમગ્ર ખર્ચમાં વધારો કરે છે ચૂંટણી પંચે 2023 માં પાંચ રાજ્યોમાં રૂપિયા 1760 કરોડની જપ્તી નો અહેવાલ આપ્યો છે.

જો એક રાષ્ટ્ર એક ચૂંટણીનો અમલ થાય G.D.P.ના 1.5 ટકા જેટલી રકમ બચાવી શકાય, જે અંદાજિત રકમ રૂપિયા 4.5 લાખ કરોડ જેટલી છે જે સરકારી સ્વાસ્થ્ય સંભાળ ખર્ચના 50% અને શિક્ષણ ખર્ચના 33% છે.

સંસાધનો નો ઉપયોગ ઘટાડીને અંદાજે રૂપિયા 12000 કરોડ જેટલી બચત થઈ શકે. વળી, આનાથી અઘોષિત નાણા પર અંકુશ આવે ચૂંટણી ખર્ચ પર નજર રાખવામાં પણ સરળતા રહે કાળા નાણા અને ભ્રષ્ટાચારમાં પણ ઘટાડો શક્ય બને. આ બધાને પરિણામે ચૂંટણી પછીની ફુગાવાની પરિસ્થિતિ ઘટાડી શકાય.

શિક્ષણ ક્ષેત્રે અસર : વારંવાર યોજાતી ચુંટણી અને કારણે શિક્ષણ ક્ષેત્રે તેને માઠી અસર જોવા મળે છે. શૈક્ષણિક કર્મચારીઓ અને અન્ય કર્મચારીઓને મતદાર યાદી સુધારણા જેવા કાર્યો વારંવાર વર્ષમાં 10 થી 15 દિવસ માટે સોંપવામાં આવે છે. જેની અસર ભારતની ભવિષ્ય પેઢી પર પણ જોવા મળે છે અભ્યાસ પર તેની અસર થાય છે. વારંવાર ચૂંટણી માટે કરવામાં આવતી આચારસંહિતાને કારણે પણ ઘણા બધા નિર્ણય કાર્યો કોર્પોરેશન રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા યોગ્ય સમયે લેવામાં આવતા નથી.

એક રાષ્ટ્ર એક ચૂંટણી થાય તો

શૈક્ષણિક અને અન્ય કર્મચારીઓ સમયનો યોગ્ય કામ માટે ઉપયોગ થઈ શકે. વારંવાર મતદાર યાદી સુધારણા જેવા કાર્યક્રમોમાંથી મુક્તિ મળે. એક જ મતદાર યાદી બની જવાને પરિણામે ડુપ્લીકેશન પણ દૂર થઈ શકે છે જેનાથી ચૂંટણી પ્રક્રિયા સરળ બને છે. કર્મચારીઓના કાર્યમાં સાતત્યતા રહે. એક રાષ્ટ્ર એક ચૂંટણી દ્વારા મતદાન વધે.

વારંવાર આવતી આચારસંહિતાઓને પરિણામો કાર્યમાં સ્થગિતતા અટકાવી શકાય. આદર્શ આચારસંહિતા વારંવાર લાગુ થવાને કારણે થતી નીતિગત નિષ્ક્રિયતા પણ ઘટી શકે છે. અધિકારીઓ અને સુરક્ષા બળોના સમય અને ઊર્જાને બચત થાય છે. જેને કારણે આવશ્યક સેવાઓમાં આવતા અવરોધો દૂર થઈ શકે છે. સમયસર યોગ્ય નિર્ણય શક્ય બને. પરિણામે શિક્ષણ ક્ષેત્રે આરોગ્ય ક્ષેત્રે વધુ રકમની ફાળવણી પણ શક્ય બને.

સ્વીડન જેવા વિકસિત દેશોમાં પણ રાષ્ટ્રીય પ્રાદેશિક અને સ્થાનિક ચૂંટણીઓ દર ચાર વર્ષે સાથે યોજવામાં આવે છે તમામ સ્તરે સંકલિત ચૂંટણી યોજી ને વહીવટી ખર્ચમાં ઘટાડો કરેલ છે . દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાં પણ દર પાંચ વર્ષે સામાન્ય ચૂંટણીઓ યોજાય છે, જેમાં મતદારો એક સાથે રાષ્ટ્રીય અને રાષ્ટ્રની ધારાસભાઓને ચૂંટે છે. આ અભિગમને પરિણામો મતદાન મથકો ચૂંટણી કર્મચારીઓ અને સુરક્ષા સંબંધીત ખર્ચમાં પણ ઘટાડો થાય છે.

પરમાર્થ માટે શ્વાસ છોડવો સ્વાર્થ છોડવો જરૂરી છે. કેટલીક પોલિટિકલ પાર્ટીઓ માત્ર પોતાના સ્વાર્થનો જ વિચાર કરે છે પરંતુ દેશના વિકાસ માટે પોલિટિકલ સ્વાર્થ છોડી દેવો જોઈએ. એક રાષ્ટ્ર એક ચૂંટણીને પરિણામે ભારતીય લોકતંત્ર સશક્ત બનશે . ભારતના સંસાધન ના પરિણામોમાં વધારો કરશે ,અને વિકસિત ભારતના સ્વપ્ન ને સાકાર કરવા તેમજ દેશ પ્રગતિ અને સમૃદ્ધિ તરફ આગળ વધશે.

પ્રિ. ડૉ. જયેશ ઠક્કર
૩૯, નૂતન શક્તિ સોસાયટી, ભાગ-૧ ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮
મો. ૯૪૦૯૦૮૪૪૪૭

# તેજસ્વી આચાર્ય, તેજસ્વી શિક્ષક

('સમન્વય' ગુજરાતની 71મી ગોષ્ઠિ, વડોદરા મુકામે તા. 10-5-2014 ડૉ. ગુણવંત શાહ પ્રવચન સારાંશ)

**પ્રેષક : પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી**
પૂર્વપ્રમુખ, ગુ.રા. આચાર્ય સંઘ
સંયોજક, 'સમન્વય' ગુજરાત

તેજસ્વી શિક્ષકો,

આપણા દેશના પ્રથમ શિક્ષણપ્રધાન મૌલાના અબુલકલામ આઝાદ હતા. તેમના સચિવ વિદ્વાન કે. જી. સૈયદીએ તેમનું પુસ્તક 'The Faith of an Educationalist'. તેઓ એક દિવસ ચાલવા નીકળ્યા, સાથે તેમનો ગામડિયો મિત્ર પણ ચાલવા નીકળ્યો. તેણે પ્રશ્ન કર્યો : "માણસને શિક્ષિત ક્યારે કહેવાય ?" સૈયદ કહે : "તું જ કહે ને !" તેણે સંબંધિત જવાબ આપ્યો. શિક્ષિત કહેવા માટે ત્રણ પ્રશ્નો પૂછવા જોઈએ.

(1) તે વિચારને મમળાવી શકે છે ? કોઈ વિચાર વાંચી નાચી ઊઠે છે ? તેના મિત્ર સાથે શૅર કરી શકે છે ? તે જીવંત હોય અને છલકાતો હોય તેને શિક્ષિત કહેવલાય. દીવાની જ્યોત અંધારાને કારણે ઓલવાઈ હોય એવું માનવ ઇતિહાસમાં બન્યું નથી. જેને કોઈ વિચાર ઝંકૃત કરતો નથી તે શિક્ષિત નથી."

(2) બીજાનો સ્વીકાર કરી શકે તે શિક્ષિત. ગુજરાતી ગૃહિણીઓ રેલવેના ડબ્બામાં ન ઓળખતા હોય તેને પણ નાસ્તો શૅર કરે છે. સ્ત્રીઓને કોઈ જ ન પહોંચી શકે તેમાં માત્ર માતાનું જ પાત્ર નહીં જોવા મળે.

(3) તમારી જાતનો સ્વીકાર કરી શકો છો ? એક સાઇકિયાટ્રીસ્ટ ડૉક્ટર પાસે એક મહિલા જાય છે. કહે છે, "મારી જાત સાથે મને વાત કરવાની ટેવ પડી ગઈ છે.' ડૉક્ટર કહે, "ઘણાને આવી ટેવ હોય છે." "પણ હું કંટાળાજનક વાતોડિયન છું." તે સ્ત્રી તેની જાતનો સ્વીકાર કરતી નથી. Being અને Becoming વચ્ચે ખૂબ જ અંતર છે તે મુખ્ય પ્રશ્ન માનવામાં છે. જેનામાં ડિસ્ટન્સ

ઓછું જોવા મળે તેમાં પ્રગટ થયા કહેવાય. અને તેના જેવી કોઈ મોટી સંપ્રાપ્તિ નથી. તે માણસ એજ્યુકેટેડ કહેવાય.

## તેજસ્વી આચાર્ય :

આચાર્યની ચેમ્બરમાં ગયેલો વિદ્યાર્થી બદલાઈને બહાર આવવો જોઈએ. એવો ને એવો જ બહાર આવે તો મીણબત્તી બુઝાય તેમ... દીપ દીક્ષા, સંપૂર્ણ દીપ એક પ્રજ્વલિત દીપ બીજા દીપની જ્યોતિ પ્રગટાવે છે, ત્રીજા દીપને પ્રગટાવવા પહેલા દીપ પાસે જવાની જરૂર રહેતી નથી. શિક્ષકનો ધર્મ દીપદીક્ષાનો ધર્મ છે. એક આચાર્ય ખુરશીમાં બેઠો રહે છે, જ્યારે બીજો આચાર્ય વર્ગમાં ભણાવતાં ઇંગ્લેન્ડના વડાપ્રધાન શાળામાં આવે છે છતાં હેટ ઊંચી કરી માન આપતો નથી. તેણે તેના વિદ્યાર્થીઓને દર્શાવ્યું કે મારાથી મોટું અત્યારે આ દુનિયામાં કોઈ નથી. આવા આચાર્યો પણ છે. જે ગાંધીને નવા ચશ્મે જોવાની જરૂર છે. સગવડ સ્વીકાર્યા પછી પાછી જતી નથી. યંત્રનો વિરોધ નથી. હવે આપણે ખુલ્લા મનના નહીં રહીએ તો ઘરડાઘરમાં જવાની તૈયારી રાખવી પડશે.

### -: એલચી :-

નગારું હોત તો, પીટાત ઢંઢેરો નગર મધ્યે
મધુર વાંસળી લઈને, જવું તો ક્યાં જવું બોલો ?
અંધારું ઘોર છે, ને તેલ નામે કંઈ બચ્યું નથી,
ફક્ત દીવાસળી લઈને, જવું તો ક્યાં જવું બોલો?

**– નીરજ મહેતા**

# આપણે પ્રકૃતિના દોસ્ત કે દુશ્મન ?

**પ્રિ. અસ્મિતાબેન એસ. ગામી**
ઓરપેટ કન્યા વિદ્યાલય, ટંકારા
જિ. મોરબી

**પ્રસ્તાવના :**

જળ, જમીન, જંગલો વાતાવરણ વગેરે પૃથ્વીનું ઘરેણું છે. આ પૃથ્વી પર જેટલો હક માનવજાતનો છે તેટલો જ હક પ્રકૃતિનો પણ છે. માણસ સાથે ખભે ખભા મિલાવીને નદી, તળાવ, સરોવર, મેદાનો, સમુદ્રો, જંગલો વગેરે અડીખમ ઊભા રહ્યા છે. આર્ય પ્રજા પ્રકૃતિપ્રેમી હતી કારણ કે તે આ મહત્ત્વને સમજતા હતા. તેથી પ્રકૃતિને દેવી ગણતા હતા. આજનો માનવ આધુનિકતાની દોટમાં બદલાયો છે. પરિણામ સ્વરૂપ છેલ્લા કેટલાક સમયથી સમાજમાં ધરખમ ફેરફારો જોવા મળી રહ્યા છે. હાલને 'ધૂળિયે મારગ' કાવ્યનો ધૂળિયો મારગ તો બાળકો માટે ક્યારનોય સ્વપ્ન બની ગયો છે.

**પર્યાવરણ એટલે શું? :**

મનુષ્ય જીવન પ્રાણ પર ટકેલું છે તેમ પૃથ્વીનો આત્મા પર્યાવરણ છે. પૃથ્વીની ફરતે આવેલું વાયુઓનુ આવરણ એટલે વાતાવરણ. આ વાતાવરણ, મૃદાવરણ અને જલાવરણ – આ ત્રણેય આવરણો મળીને પર્યાવરણની રચના કરે છે અને પૃથ્વીને જીવંતતા બક્ષે છે. મનુષ્ય જીવન પૃથ્વી પર ટકાવી રાખવા માટે પર્યાવરણની સમતુલા હોવી અત્યંત જરૂરી છે. તેથી હવા, પાણી અને જમીનને પ્રદૂષિત થતી અટકાવવી આપણી નૈતિક ફરજ છે. વાતાવરણમાં રહેલો ઑક્સિજન જે 21 ટકા છે તે આપણો પ્રાણવાયુ છે. વાતાવરણમાં રહેલુ ઓઝોન વાયુનું પડ આપણા માટે છત્રી જેવું કામ કરે છે.

**કળિયુગમાં માનવજાત પ્રકૃતિની દુશ્મન :**

સિમેન્ટ કોંક્રિટના જંગલોમાં ધૂળિયો મારગ ખોવાઈ ગયો છે. ધરતી આ કોંક્રિટની નીચે ગૂંગળાઈ રહી છે. ધોમધખતા તાપમાં ચીસો પાડીને પોકાર કરી રહી છે. પરંતુ બળબળતા બપોરના નિર્જન રસ્તાઓ પર આ સાદ કોણ સાંભળે? ઉનાળે આટલું તપ્યા પછી વરસાદનું એક ટીપું પણ તેના કોઠે પહોંચતુ નથી. વરસાદના નિર્મળ નીર ધરતીના પેટ પરથી સરકીને ગટરોમાં પહોંચી જાય છે. પરિણામ સ્વરૂપે ભૂગર્ભજળના તળ ઊંડા જઈ રહ્યા છે. આધુનિકતાના નામે પ્રકૃતિનું આપણે નિકંદન કાઢી રહ્યા છીએ. ગાડામાં એક ગામથી બીજે ગામ જતા દિવસોમાંથી આપણે હવાઈ-જહાજમાં મુસાફરી કરતા થઈ ગયા અને માઈલોના માઈલો અંતર ગણતરીની કલાકોમાં કાપતા થઈ ગયા. આપણા સામાજિક, ધાર્મિક ઉત્સવો કે પ્રસંગોમાં કાર્યક્રમ પૂરો થયા બાદ રસ્તા પર પડેલ પ્લાસ્ટિકના કચરાના ઢગલા, જમણવારના એંઠવાડના ઢગલા આપણી પર્યાવરણીય દયનીય પરિસ્થિતિનો ચિતાર છે. પ્રાકૃતિક સંપદાનો આધુનિકતાના નામે આડેધડ ઉપયોગ કરીને સુંદર પૃથ્વીને બદસૂરત બનાવી રહ્યા છીએ. પ્રવાસન સ્થળોએ ફરવાના નામે કચરાના ઢગલા ઠાલવીને આવીએ છીએ. પાણીની બોટલથી ઉત્પન્ન થતા પ્લાસ્ટિકથી આપણું હૃદય ચીરાઈ જવું જોઈએ પરંતુ તેનાથી થતા પ્રદૂષણ બાબતે આપણા પેટનું પાણી પણ હલતું નથી. હવે આ સિમેન્ટ કોંક્રિટના રસ્તાઓ વચ્ચે પણ પાણી પૃથ્વીના તળ સુધી પહોંચે તેવા વિકલ્પો વિચારવાનો સમય પાકી ગયો છે.

**માનવજાત થકી જ પ્રકૃતિ સંરક્ષણ :**

આ ટેકનોલોજીનો વિકાસ સર આંખો પર પરંતુ માસીને મળવાની ઉતાવળમાં ક્યાંક 'મા'નો પાલવ છૂટી ન જાય તેનું પણ ધ્યાન રાખવું પડશે. કોઈપણ ઘરની છાપ તેના આંગણા પરથી પરખાય તેમ દેશની છાપ તેની નદીઓ, રોડ, રસ્તા અને જાહેર સ્થળોની ચોખ્ખાઈ પરથી વર્તાય છે. તેથી આજના સમયમાં અનેક પર્યાવરણ-પ્રેમીઓ અને વિવિધ સંસ્થાઓ પર્યાવરણ જાગૃતિ અભિયાન ચલાવે છે પરંતુ હજુ આપણી સમજમાં ખોટ રહી જતી લાગે છે. આપણી અણસમજણને કારણે નદીઓ સુકાઈ રહી છે. "જળ એ જ જીવન" બોલનારા આપણે જાણે કે જીવનને જ બરબાદ કરવાની નેમ લઈને બેઠા હોય તે રીતે પર્યાવરણનો કચ્ચરઘાણ વાળી રહ્યા છીએ. પરંતુ આ પ્રકૃતિનું સંરક્ષણ પણ માનવતાથી જ થશે.

શાળાઓમાં સરકાર દ્વારા પર્યાવરણને બચાવવા માટેના ખૂબ સારા પ્રયાસો થઈ રહ્યા છે. શાળામાં જ રેઇન વોટર હાર્વેસ્ટિંગ, કિચન ગાર્ડન, ઇકો ક્લબ અંતર્ગત થતી પર્યાવરણીય પ્રવૃત્તિઓ પ્રકૃતિ શિક્ષણ શિબિર વગેરે આ જાગૃતિ અભિયાનમાં સહેજ ટેકો પૂરે છે. પાંચ જૂનના દિવસે 'વિશ્વ પર્યાવરણ દિન' તો આપણે ઉજવીએ છીએ પરંતુ જેમ જન્મદિવસે કેક કાપીને બીજા દિવસે ભૂલી જઈએ છીએ તેમ આ દિવસે વૃક્ષ વાવીને બીજા દિવસે ભૂલી જઈએ છીએ. જરૂર પૂરતો જ પાણીનો ઉપયોગ, જરૂર ના હોય ત્યારે લાઈટ-પંખા બંધ રાખવા, રસોડાના વપરાશથી વધેલ પાણીનો નિકાલ ઘરના ક્યારામાં કરવો આ બધું રગેરગમાં વણાઈ જશે ત્યારે એક પણ 'પર્યાવરણ બચાવો' અભિયાનની જરૂર નહીં પડે. સવારે ઊઠીને બ્રશ કરવું, ન્હાવું, છાપું વાંચવું, કામ પર જવું જેમ નિત્યક્રમ છે તે જ રીતે છોડને પાણી પાવું, પ્લાસ્ટિક ઘરમાં બને ત્યાં સુધી ન લાવવું, વધેલા કે બગડેલા શાકભાજી અને એંઠવાડમાંથી ખાતર કરવું વગેરે જો નિત્યક્રમમાં વણાઈ જશે તો ધરતી માતા આપોઆપ ખુશ થઈ જશે. પછી એક પણ સોશિયલ મીડિયા પર પર્યાવરણ જાગૃતિ માટે સેલ્ફી લઈને મૂકવાની જરૂર નહીં પડે. ધરતી માતા ખુદ સેલ્ફી માટે તૈયાર હશે. ક્યાંય કચરાના ઢગલા કે ગંદકીના ઢેર જોવા નહીં મળે. ખપ પૂરતું જ વાપરતી વ્યક્તિ સાથે તો ખુદ ગંગા મૈયા પણ સેલ્ફી લેશે. પછી ગંગા સફાઈ અભિયાન ચલાવવાની જરૂર જ નહીં પડે.

જો માનવ પ્રકૃતિના દુશ્મનને બદલે દોસ્ત બને તો દરેક વૃક્ષ માનવ માત્રને ભેટવાની તલાવેલીથી જ ઉભું છે. ચાલો આજે જ જાગીએ. પૃથ્વી પર માણસ સિવાયનાને પણ રહેવાનો એટલો જ હક છે તે સમજીએ. પર્યાવરણ, પૃથ્વી, જળને ફરીથી બેઠા થવાનો મોકો આપીએ અને પર્યાવરણના દોસ્ત બનીએ.

**ઉપસંહાર :**

ભારતીય વૈજ્ઞાનિક ડૉક્ટર જગદીશચંદ્ર બોઝે પ્રયોગો દ્વારા વૃક્ષમાં જીવ છે તે સાબિત કર્યું. વૃક્ષ, પ્રકૃતિ, પર્યાવરણ હરહંમેશ માનવજાતના સુખ-દુઃખના સાથી બનીને અવિચલ ઊભા રહ્યા છે. પર્યાવરણને માનવજાતના AI ટેકનોલોજીના વિકાસ સાથે તાલ મિલાવવાનો મોકો આપીએ. હરદમ હર ઘડી પ્રકૃતિનો પાલવ પકડી તેનું સંરક્ષણ કરીએ. આપણને શાળાના બાળકોમાં શિક્ષણ સાથે પર્યાવરણના મૂલ્યો પ્રસ્થાપિત કરવાની તક મળી છે. આપણા દ્વારા બાળકો થકી પર્યાવરણ જતનથી પૃથ્વીનું સંરક્ષણ શક્ય છે. પ્રકૃતિના દોસ્ત બનીને આ પહેલ આપણી જ શાળાથી શરૂ કરીને માનવજાતને બચાવી શકાય તેમ છે. આવો, આપણે સૌ સાથે મળીને આ ભગીરથ કાર્યમાં જોડાઈએ.

# કભી અલવિદા ના કહેના...
# શિક્ષણ, સંઘ, સંગાથની શબ્દયાત્રા

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

આજે હું જીવનના એવા પડાવે ઊભો છું, જ્યાંથી એક નવી શરૂઆત થઈ રહી છે. શિક્ષણ ક્ષેત્રે લગભગ ૩૭ વર્ષની સેવા આપી છે, જેમાંના ૨૬ વર્ષ આચાર્ય તરીકે અને એમાંય દસ વર્ષ આચાર્ય-કમ-સંચાલક તરીકે વિતાવ્યા છે.

આ સમગ્ર શિક્ષણ સફર દરમિયાન આચાર્ય સંઘ મારા રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બન્યું છે. અમદાવાદ શહેર આચાર્ય સંઘ અને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ સાથેના કાર્યકાળને આજે વાગોળતા હૃદયમાં ભાવોની અનેક લહેરો ઉઠી રહી છે. આચાર્ય સંઘમાં કાર્યકાળની મીઠી યાદો અને સંઘ સાથેના વિયોગની મિશ્ર લાગણી અનુભવાઈ રહી છે.

આ ભાવના અલવિદાની નથી, પરંતુ જીવનના નવા પડાવની શરૂઆતની છે.

મારી વાત કરું તે પહેલાં મારા પિતાજી ડૉ. નવનીત ઠક્કરની કવિતા, જે અમારા માટે પ્રાર્થના સમાન છે, તેને યાદ કરું છું...

**સુગંધના પ્રબંધમાં ફૂલો બધાંય વ્યસ્ત છે!**
**એટલે સમીરનાં મિજાજથીય મસ્ત છે!**
**લહેર તો હતી ઉઘડતાં એ પ્રણયની પાંદડી,**
**ને વળી ભ્રમર બધાં ઉમંગથી જ ગ્રસ્ત છે!**
**તત્વ એક સત્ત્વ એક, તોય નામ અનેક છે!**
**રૂપ રંગ ગંધ માં ફરી વળ્યાં સમસ્ત છે!**
**ખેલ છે ક્ષણો તણો ને મેળ આંખ-પાંખનો**
**શેષ છે સુવાસ અહીં બીજું બધુંય ધ્વસ્ત છે!**
**નામની વિસાત સી કામની જે નામના**
**છાપ જે મૂકી ગયા એ અહીં પ્રશસ્ત છે!**

મારી સમગ્ર કારકિર્દીમાં સૌપ્રથમ વંદન સહ મારા પિતાશ્રીને સ્મરણ કરું છું, જેઓ મારા પ્રેરણાસ્રોત રહ્યા છે. સ્વ. ડૉ. નવનીત ઠક્કરે હિન્દી અને ગુજરાતી બંને ભાષાઓમાં મૌલિક રચનાઓ

આપી છે. તેમણે હિન્દીથી ગુજરાતી અને ગુજરાતીની શ્રેષ્ઠ કૃતિઓને હિન્દી ભાષામાં અનુવાદ કરીને ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓને રાષ્ટ્રવ્યાપી ઓળખ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમની પંચાવનથી વધુ કૃતિઓ પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ છે. તેમનાં હિન્દી સાહિત્યમાં અમૂલ્ય પ્રદાન બદલ રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત થયા છે. તેમના આદર્શો અને પ્રેરણા મારા જીવનમાં મૂળભૂત પ્રેરકબળ છે. જેના કારણે શિક્ષણક્ષેત્રે તેમના પગલે ચાલવાનો પ્રયત્ન કર્યો છે. તેમની પાસેથી મેં સમજ્યું કે ભાષા એ કેવળ શિક્ષણનું માધ્યમ નથી, પરંતુ સંવાદ, સંબંધ અને નેતૃત્વનો પાયો છે. શિક્ષણ એ સમાજ નિર્માણનું અમૂલ્ય સાધન છે.

૧૯૮૭થી ૧૯૯૦ સુધી અમદાવાદ શહેર આચાર્ય સંઘના પ્રમુખ તરીકે તેમણે નોંધપાત્ર કાર્ય કર્યું હતું. "સરદાર એટલે સરદાર" - ૩૧ ઓક્ટોબર ૧૯૮૭ના દિવસે લેખક શ્રી ગુણવંત શાહને આમંત્રણ આપીને રૂઢિગ્રત ચીલાચાલુ કાર્યક્રમોથી ઉપર જઈને અમદાવાદ શહેર આચાર્ય સંઘમાં જે અનોખી પહેલ કરી હતી, તે આજે પણ સ્મરણીય છે. ખેર.. તેમના સંસ્કારોના કારણે જ મેં ઇજનેર તરીકે શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત કરી હતી, છતાં પિતાજીના આદર્શોએ મને શિક્ષણ ક્ષેત્ર તરફ દોર્યો. ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર્સ કંપની લિમિટેડમાં ઇજનેર તરીકેની કારકિર્દી છોડીને વ્યવસાયિક શિક્ષણમાં શિક્ષક તરીકે અને આજીવન વિદ્યાર્થી તરીકે નવી દિશા અપનાવી હતી.

૧૯૯૯ના વર્ષમાં આચાર્ય તરીકે નિયુક્ત થયો, તે જ વર્ષે આદરણીય શ્રી જીતેન્દ્રભાઈ શાહ (પ્રમુખ) અને શ્રી હિતેશભાઈ રામભાઈ પટેલ (મહામંત્રી)એ મને અમદાવાદ શહેર આચાર્ય સંઘમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું. અમદાવાદ શહેર આચાર્ય સંઘ મારા શિક્ષણ ક્ષેત્રના સંગઠનાત્મક કાર્યનું પ્રથમ પગથિયું હતું.

ત્યારથી આજ સુધી - એટલે કે છેલ્લા ૨૬ વર્ષથી - આચાર્ય સંઘ સાથેનો અતૂટ નાતો છે. શરૂઆતમાં કારોબારી સભ્ય તરીકે, પછી સંયોજક તરીકે અને છેલ્લા બાર વર્ષથી અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યો છું. આ દરમિયાન ગુજરાત રાજ્ય આચાર્ય સંઘમાં પણ સારસ્વત પત્રિકાના સંપાદક તરીકે સાત વર્ષથી વધુ સમય સુધી સેવા આપવાનો અવસર મળ્યો. આ તમામ અનુભવો મારા વ્યાવસાયિક અને વ્યક્તિત્વ વિકાસના મહત્ત્વપૂર્ણ સોપાન સાબિત થયા છે.

**ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ 'સારસ્વત સંપાદક'**

૨૦૦૬માં બોર્ડ ચૂંટણીમાં શ્રી જે. વી. પટેલે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખપદ માટે ઐતિહાસિક વિજય મેળવ્યો હતો, જેમાં મેં મીડિયા વ્યૂહરચનાનું નેતૃત્વ કર્યું હતું. આચાર્ય સંઘ સાથેનું આ પ્રથમ સક્રિય જોડાણ હતું.

વર્ષ ૨૦૦૭માં ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ માટે કપરો સમય આવ્યો હતો. રાજ્યના હોદ્દેદારો અને સામાન્ય આચાર્યો અને આચાર્ય સંઘ સાથેના સરકાર સાથેના મતભેદને કારણે પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો હતો. આ કટોકટીના સમયે શ્રી એચ. કે. દવે સાહેબે સંઘનું નેતૃત્વ સંભાળ્યું. તેમના માર્ગદર્શન

હેઠળ સંઘે સરકાર સાથેના પોતાના સંબંધોમાં મૂળભૂત પરિવર્તન કર્યું - સંઘર્ષની નીતિ છોડીને રચનાત્મક સહયોગની દિશા અપનાવી.

આ જ સમયગાળા દરમિયાન મને આચાર્ય સંઘના મુખપત્ર 'શ્રી સારસ્વત'ના મુખ્ય સંપાદક તરીકેની જવાબદારી સોંપવામાં આવી, જે મારા જીવનનો અમૂલ્ય અનુભવ બન્યો. આ આખીય ઘટનામાં જે તે વખતે આચાર્ય સંઘ તરફથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં પ્રતિનિધિત્વ કરતા હતા હાલના સંચાલક મંડળના બોર્ડ સભ્ય અને શ્રી જે.વી. પટેલનો ફાળો ખાસ નોંધપાત્ર રહ્યો છે.

સારસ્વત સંપાદક તરીકે મેં અનેક મહત્ત્વપૂર્ણ પહેલ કરી. સંપાદકપદનો કાર્યભાર સંભાળ્યાના ત્રણ મહિનાની અંદર જ એક ઐતિહાસિક ઘટના બની - તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે "શ્રી સારસ્વત" વેબસાઈટ-પોર્ટલનું ઉદ્‌ઘાટન થયું. આ મારા જીવનની ગૌરવજનક અને સ્મરણીય ક્ષણ છે.

અન્ય નોંધપાત્ર કાર્યોમાં તમામ સભ્યોનું જિલ્લાવાર ડિજિટલાઇઝેશન, નિયમિત પ્રકાશન અને જાહેરાતો સહિત જિલ્લાવાર વિશેષ અંકોનું પ્રકાશન સામેલ છે. આ પહેલોના પરિણામે સારસ્વત સામયિક નફાકારક બની શક્યું.

**"કલમ એ તલવારથી પણ વધુ તાકાતવાન છે,**
**શબ્દો એ ક્રાંતિના બીજ વાવે છે."**
**- ઝવેરચંદ મેઘાણી**

૨૦૦૮માં "સરસ્વત સંપાદક" અને અમદાવાદ શહેર આચાર્ય સંઘના સંયોજક તરીકે, અમે અમદાવાદની શાળાઓ અને આચાર્યોની અનોખી અને નવીન માહિતીનું પ્રકાશન કર્યું, જેનું ઉદ્‌ઘાટન શિક્ષણ મંત્રીશ્રીએ કર્યું અને સમગ્ર ગુજરાતમાં તેની પ્રશંસા થઈ. આ સફળતા માટે હું શ્રી જયંતીભાઈ પટેલ (જય સોમનાથ હાઈ સ્કૂલ)નો આભારી છું.

**અમદાવાદ શહેર આચાર્ય સંઘ અધ્યક્ષ અને 'સેતુ'નું સર્જન**

અમદાવાદ શહેર આચાર્ય સંઘના અધ્યક્ષ તરીકે મારો મુખ્ય પ્રયાસ યુનિયનવાદથી આગળ વધીને આચાર્ય સંઘને એસોસિએશન આધારિત સહયોગની દિશા તરફ લઈ જવાનો રહ્યો છે.

**"નાનકડા દીવડાની જેમ, દિલમાં પ્રગટાવું આશ,**
**અંધકારના આવરણ વચ્ચે, ફેલાવું સત્યનો પ્રકાશ..."**

આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું તરીકે અમે શાળાના આચાર્યો અને સંચાલકો માટે 'સેતુ' પુસ્તકનું સંપાદન અને પ્રકાશન કર્યું. આ સંપાદન કાર્યમાં વિશેષ સહયોગ શ્રી જયંતીભાઈ પટેલ (જય સોમનાથ હાઈસ્કૂલ)એ કરી હતી. આ પ્રોજેક્ટમાં શ્રી રમણિક બદ્રેસિયાનો ખાસ સહયોગ રહ્યો છે, જેના માટે હું તેમનો આભારી છું.

આ પ્રકાશન ખરેખર એક સીમાચિહ્ન સ્વરૂપ બન્યું છે. 'સેતુ' પુસ્તક આચાર્યો વચ્ચે, આચાર્યો અને સંચાલકો વચ્ચે તેમજ શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા તમામ વ્યક્તિઓ માટે પરસ્પર સમજણ અને સહયોગનું માધ્યમ બન્યું.

આ સફર દરમિયાન અનેક અસાધારણ વ્યક્તિઓએ મને પ્રેરણા અને સમર્થન પૂરું પાડ્યું. શ્રી દિનેશ પટેલ, શ્રી બી.જી. પટેલ, શ્રી કાનજીભાઈ રબારી, શ્રી સી.કે. પટેલ અને શ્રી રમેશ અમીન - આ તમામ મહાનુભાવોએ મહત્ત્વનું માર્ગદર્શન આપ્યું. શ્રી એચ.કે. દવે એક દૂરદર્શી નેતા અને કટોકટીના સમયે સક્ષમ નિવારક તરીકે સદા સ્મરણીય રહેશે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના સાથીઓએ સંઘના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. શ્રી નારણભાઈ પટેલ, શ્રી અંબુભાઈ પટેલ, શ્રી એન.ડી. જાડેજા, શ્રી દિનેશ ચૌધરી, શ્રી પ્રવીણસિંહ સોલંકી, શ્રી પી.આર. રાણા, શ્રી જે.પી. પટેલ અને શ્રી મંગરોલિયા - આ તમામ મહાનુભાવોના માર્ગદર્શન અને સહકારથી અમે સંઘને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છીએ.

વર્તમાનમાં સંઘનું નેતૃત્વ સંભાળી રહેલા ભાનુભાઈ, ભરતભાઈ ચૌધરી અને અમિત (ઉર્ફે રાકેશ પંડ્યા) પણ તેમના પૂર્વજોના આદર્શોને અનુસરીને સંઘના વિકાસ માટે અથાક પ્રયત્નો કરી રહ્યા છે.

**વ્યક્તિગત મિત્રોનું યોગદાન**

વ્યાવસાયિક સહયોગથી આગળ વધીને, અનેક મિત્રોનો સાથ જીવનભર મારી સાથે જોડાયેલો રહ્યો છે. આ સમગ્ર યાત્રામાં 'સેતુ'ના સંપાદન દરમિયાન અમારા વડીલ મિત્ર આચાર્ય શ્રી હરેશભાઈ શુક્લનો સંપર્ક થયો. તેમની અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓ પરની અસાધારણ પકડ અને વિચારોની સુસંગતતાને લીધે અમે ઘનિષ્ઠ મિત્ર બન્યા. આજે પણ કોઈ લખાણ તૈયાર કરતી વખતે તેમનું માર્ગદર્શન અને સૂચન લેવાની આદત બની ગઈ છે.

આચાર્ય સંઘ દ્વારા મળેલા મિત્રો - શ્રી અમિત (રાકેશ) પંડ્યા, દીપક પ્રેમજીભાઈ પટેલ, હાર્દિક પટેલ, ધીરેન વ્યાસ, ચિરાગ સોલંકી અને મૌલિન શાહ - આ બધા મિત્રોએ વ્યાવસાયિક મૈત્રીથી ઉપર ઊઠીને કાયમી મિત્રતા આપી છે. સુખ-દુ:ખમાં તેમનો સાથ હંમેશા મળ્યો છે. આ મિત્રતાઓ મારા જીવનની સાચી સંપત્તિ છે.

**"મિત્રતા એ જીવનની સુવાસ છે,**
**જે હૃદયના ઊંડાણમાં ઊગેલો છોડ છે."**

**– કવિ 'અનિલ' જોશી**

**આચાર્ય સંઘની ત્રણ મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ**

મારા કાર્યકાળ દરમિયાન આચાર્ય સંઘની ત્રણ મુખ્ય ભૂમિકાઓ પર વિશેષ ભાર મૂક્યો છે :

1. **સમગ્ર ગુજરાતના આચાર્યોનું નેટવર્ક :** આચાર્ય સંઘ સમગ્ર ગુજરાતના આચાર્યોને જોડતું એક મજબૂત નેટવર્ક છે, જે જ્ઞાન, અનુભવ અને સંસાધનોની આપ-લે માટે એક મંચ પૂરો પાડે છે.
2. **સરકાર સાથેના સંવાદ દ્વારા વ્યાવસાયિક વિકાસ :** સરકાર સાથે રચનાત્મક સંવાદ સ્થાપિત કરીને, આચાર્ય સંઘ શિક્ષકો અને આચાર્યોના વ્યાવસાયિક વિકાસ માટે નવી તકો ઊભી કરે છે.
3. **સામૂહિક સંવાદ અને નીતિ સમર્થન દ્વારા સમસ્યાઓનું સમાધાન :** સંઘ એક એવું મંચ છે જ્યાં શિક્ષણ ક્ષેત્રની સમસ્યાઓનું સમાધાન સામૂહિક સંવાદ અને નીતિગત અભિગમથી શોધવામાં આવે છે.

**શિક્ષણનો મંત્ર : સહકાર અને સંવાદ**

શિક્ષણ ક્ષેત્રમાં મારા અનુભવે મને શીખવ્યું છે કે આધુનિક શિક્ષણનો પાયો સહકાર અને સંવાદ છે. જ્યારે સરકાર, શિક્ષકો, આચાર્યો અને સમાજ વચ્ચે સુમેળ હોય, ત્યારે જ શિક્ષણનું વાસ્તવિક લક્ષ્ય પ્રાપ્ત થાય છે. આચાર્ય સંઘે આ સમન્વયની ભૂમિકા ભજવવાનું કાર્ય કર્યું અને કરવાનું છે.

આજે જ્યારે હું આ યાત્રા પર પાછું વળીને જોઉં છું, ત્યારે હું ઘણી કૃતજ્ઞતા અનુભવું છું. આ સફર દરમિયાન જે લોકો મળ્યા, જે અનુભવો મેળવ્યા, અને જે શીખ્યું તે બધું અમૂલ્ય છે. આજે હું નિવૃત્ત થઈ રહ્યો છું, પરંતુ મારો ઉત્સાહ અને શિક્ષણ પ્રત્યેનો પ્રેમ અકબંધ છે.

**આવનારી પેઢી માટે...**

આવનારા નેતૃત્વ માટે મારો સંદેશ સરળ છે : શિક્ષણ એ સેવાનું માધ્યમ છે, સત્તાનું નહીં. તમારા કાર્યો દ્વારા માર્ગદર્શન કરો, તમારા શબ્દો દ્વારા નહીં. ટેક્નોલોજીનો સ્વીકાર કરો, પરંતુ માનવીય મૂલ્યોને ક્યારેય ન ભૂલશો. સરકાર સાથે સંવાદ જરૂરી છે, પરંતુ સિદ્ધાંતો પર સમાધાન ના કરશો.

આજ, અલવિદા કહેતો નથી, પરંતુ એક નવા અધ્યાયની શરૂઆત છે. હું હંમેશા આપ સૌની સાથે, આચાર્ય સંઘના કાર્યોમાં, અને શિક્ષણના ક્ષેત્રમાં મારા અનુભવ અને સમજ પ્રમાણેની સહાય આપવા માટે ઉપલબ્ધ છું.

જિંદગી સતત પ્રવાહમાન છે. પદ આવે છે અને જાય છે, પરંતુ સંબંધો, સ્નેહ અને શિક્ષણનો પ્રભાવ કાયમ રહે છે. હું તમામ સહકાર્યકરો, શુભેચ્છકો અને મિત્રોનો હૃદયપૂર્વક આભાર માનું છું. આવો, આપણે શિક્ષણની જ્યોત જલતી રાખીએ, કારણ કે...

**"આપણે જે બીજ વાવ્યા છે, એ વૃક્ષ થશે,**
**આપણે જે જ્ઞાન વહેંચ્યું છે, એ ઇતિહાસ બનશે."**

**- રાજેન્દ્ર શુક્લ**

અને હા, યાદ રાખજો...

**"કભી અલવિદા ના કહેના, યે બંદિશ હૈ વક્ત કી, મૈં રહૂં યા ના રહૂં, તુમ મેરે સાથ રહના..."**

# અશિસ્તનો ઉકેલ

**- રાજેન્દ્રભાઈ એ. પટેલ**

પૂર્વ આચાર્ય, એમ.બી. પટેલ જ્ઞાનજ્યોત, ઘાટલોડિયા.

શિક્ષણ જગતને મૂંઝવતો એક પ્રશ્ન, વિદ્યાર્થીઓમાં વધતી જતી અશિસ્ત અને બીજો પ્રશ્ન વર્ગખંડમાં વિદ્યાર્થીઓ પર ઘટતું જતું નિયંત્રણ. તેમાં પણ જ્યારથી શારીરિક શિક્ષા કરવા પર પ્રતિબંધ મૂકાયો છે ત્યારથી શિક્ષકો અને આચાર્ય માટે શાળામાં શિસ્ત જાળવવાનું મુશ્કેલ બની ગયું છે. અત્યારે વિદ્યાર્થીના હિતમાં શિક્ષા કરવી આવશ્યક હોવા છતાં શિક્ષકો શિક્ષા કરવાનું ટાળે છે. તેણે પ્રામાણિકપણે વિદ્યાર્થીના હિતમાં શિક્ષા કરી હોવા છતાં શિક્ષકે સહન કરવાનું આવે છે. તેથી જ આજકાલ શિક્ષકોનું વલણ એવું થતું જાય છે, કે મારવું પણ નહીં અને ભણાવવું પણ નહીં. વિદ્યાર્થીઓને ગમે તેવું જ કરવું. શિક્ષકોનું આ વલણ ભાવિ પેઢી માટે ખૂબ જ નુકસાનકારક છે. તો પછી કરવું શું ?

આ પ્રશ્નના ઉકેલ માટે શિક્ષક અને આચાર્ય તરીકેના વર્ષોના અનુભવને આધારે તારવેલા સૂચનો શિક્ષકોને ઉપયોગી થશે.

**(1) 'સ્વ'થી શરૂઆત :** એક શિક્ષક તરીકે શિસ્તની શરૂઆત આપણા પોતાનાથી કરવી. આપણે શાળામાં સમયસર આવીએ. વર્ગખંડમાં સમયસર જઈએ. નોટો કે ઉત્તરવહીઓ સમયસર તપાસીએ. દરેક કાર્ય સમયસર કરવાની ટેવ પાડીએ તો આપણું વર્તન જોઈ વિદ્યાર્થીઓ પણ નિયમિત અને શિસ્ત પાલનવાળા બનશે.

**(2) અસરકારક શૈક્ષણિક કાર્ય :** શિક્ષકે પોતાના વિષયમાં સંપૂર્ણ નિપુણતા કેળવવાની છે. માત્ર પુસ્તકમાં છે તેટલી જ માહિતી પીરસવાથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં રસ નહીં પડે અને તે વાતો, તોફાન કે અશિસ્ત કરવા પ્રેરાશે. પરંતુ સંદર્ભ પુસ્તકોમાંથી વધારાની રસપ્રદ માહિતી પીરસવાથી તેને ભણવામાં રસ પડશે અને અશિસ્ત નહીં કરે. આ ઉપરાંત શૈક્ષણિક કાર્ય કરવાની પદ્ધતિ પણ અસરકારક હોવી જોઈએ. 'કસુંબીનો રંગ' કે 'ચારણકન્યા' કાવ્ય ભણાવતા શિક્ષકનું મોં ઊતરેલી કઢી જેવું હોય તે કેમ ચાલે ? કાવ્ય ભણતાં-ભણતાં વિદ્યાર્થીની રગોમાં વીર રસ અને ઝનૂન દોડવા જોઈએ. આફ્રિકાના જંગલોની વાત હોય ત્યારે જાણે વિદ્યાર્થીઓ વન્ય પ્રાણીઓ સાથે ઘટાટોપ જંગલમાં વિહાર કરી રહ્યા હોય તેવું માનસિક વાતાવરણ મગજમાં ઊભું થવું જોઈએ. ગણિત જેવા વિષયમાં પણ રમૂજી વાર્તા દ્વારા વિષયને રસપ્રદ બનાવવો જોઈએ. ઉપરાંત ટી.વી., કમ્પ્યૂટર, દશ્ય-શ્રાવ્ય સાધનોનો તથા અભિનયનો ઉપયોગ કરી શૈક્ષણિક કાર્ય કરી વિદ્યાર્થીઓને અભ્યાસમાં એકાગ્ર કરી, અશિસ્ત અટકાવી શકાય.

**(3) શિક્ષકનો સ્વભાવ :** શિસ્ત જાળવવામાં શિક્ષકનો સ્વભાવ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. મેં કેટલાક એવા શિક્ષકો જોયા છે. કોણ જાણે છેલ્લે એ ક્યારે હસ્યા હશે ? હસમુખો ચહેરો જોવો સૌને

ગમે. હસમુખો, રમૂજી સ્વભાવવાળા શિક્ષક પાસે ભણવાનું બધાને ગમે. મળતાવડો, મૈત્રીસભર સ્વભાવ ધરાવતા શિક્ષકના પિરિયડમાં બાળક અશિસ્ત નથી કરતાં. બીજા શબ્દોમાં શિક્ષક કેવો હોવો જોઈએ ? તે કહું તો

**'માત સમ મમતાભર્યો, પિતા સમ પ્રેમાળ,**
**ભાવ મહીં ભાંડુ સમો તે શિક્ષક કહેવાય.'**

**(4) ભેદભાવભર્યું કે વહાલા-અળખામણાનું વલણ ન રાખવું :** શિક્ષકને મન બધાં બાળકો સમાન હોવા જોઈએ. હોશિયાર વિદ્યાર્થી વહાલો અને નબળો વિદ્યાર્થી અળખામણો, શ્રીમંત ઘરનો વિદ્યાર્થી વહાલો અને ગરીબ વિદ્યાર્થી અળખામણો એવો ભેદ ન રાખવો. વિદ્યાર્થી ઉપર દ્વેષભાવ કે વેરવૃત્તિ ન રાખવાં. આજે કોઈએ ભૂલ કરી, આપણે તેને ટોક્યો, ધમકાવ્યો પણ પછી તે વાત મગજમાંથી કાઢી નાખી તે વિદ્યાર્થી સાથેનું આપણું વર્તન પૂર્વવત્ સામાન્ય હોવું જોઈએ. તેની ભૂલ વારંવાર યાદ કરાવી તેનું અપમાન થાય અથવા તેને માનસિક ત્રાસ થાય તેવું ક્યારેય ન કરવું.

ઉપરાંત શિક્ષકોએ પોતાની અંદર-અંદરની ખેંચતાણનો ભોગ વિદ્યાર્થીઓને ક્યારેય ન બનાવવા. વિદ્યાર્થી આગળ બીજા શિક્ષકની ખોદણી કે બીજા શિક્ષક અંગે કાનભંભેરણી ન કરવી. તેનાથી વિદ્યાર્થીઓમાં ભાગલા પડી જશે અને અશિસ્તના પ્રશ્નો ઊભા થશે અને વિદ્યાર્થીઓનું અહિત થશે.

અન્ય એક બાબત ખાસ ધ્યાનમાં રાખવી - વિદ્યાર્થીને ધમકાવતી વખતે તેના ધર્મ, જ્ઞાતિ, રીત-રિવાજ, તેના માતા-પિતાના વ્યવસાય અંગે કે સામાજિક રૂઢિ અંગે ક્યારેય ટીકા ન કરવી. તેનું અપમાન થાય, તેનું મન દુભાય તેવી વાત ક્યારેય ન કરવી. અપશબ્દો, અપમાનજનક ભાષા કે જાતિવિષયક ભાષા ન બોલવી. ક્યારેય શૈક્ષણિક મુદ્દામાં જાતિ કે ધર્મ અંગેની વાત આવતી હોય તો તે જાત તથા ધર્મના વિદ્યાર્થી ક્ષોભજનક સ્થિતિમાં ન મુકાય તે રીતે મુદ્દાની ચર્ચા કરવી.

**(5) અનિયમિતતા કે અશિસ્તનું કારણ શોધો :** વિદ્યાર્થી અનિયમિત બને અથવા અશિસ્ત કરે તેની પાછળ કાંઈક કારણ હોય છે. તે શોધો. મારો એક વિદ્યાર્થી દરરોજ મોડો આવે. તપાસ કરતાં ખબર પડી પિતાનું અવસાન થયું હતું. પરિવારને આર્થિક મદદ કરવા તે સવારે છાપા વહેંચવા જતો હતો. બીજી એક વિદ્યાર્થિની દરરોજ મોડી આવે. ઘરકામ પણ ન કરે. તપાસ કરતાં ખબર પડી, નવી મમ્મી તેને ખૂબ પરેશાન કરતી. સવારે ઘરનું અડધું કામ તેની પાસે કરાવડાવે. જમવાનું કે નાસ્તો સમયસર ના આપે. આવા વિદ્યાર્થીઓને શિક્ષા કરવાને બદલે તેમને આશ્વાસન આપવું. તેમના પ્રત્યે સહાનુભૂતિ દાખવવી એ યોગ્ય છે.

ક્યારેક આપણે વિદ્યાર્થીને ડફોળ કહીને તેનું અપમાન પણ કર્યા કરીએ. વાસ્તવમાં તે આપણા વિષયમાં જ નબળો હોય, બાકીના બધા વિષયમાં ખૂબ તેજસ્વી હોય. આવી સ્થિતિમાં આપણા વિષયમાં તેના ઉપર વિશેષ ધ્યાન આપી તૈયાર કરવો જોઈએ. આવું કરીશું તો તેને આપણા માટે માન થશે અને તે ક્યારેય અશિસ્ત નહીં કરે.

**(6) નોંધ કરવાની ટેવ :** વિદ્યાર્થીના પ્રગતિપત્રક કે લેશન ડાયરીમાં અશિસ્તની નોંધ કરવાની રાખી. માત્ર નોંધ કરવી પૂરતું નથી. નોંધ માટે વાલીની સહી કરાવવાનો આગ્રહ રાખો. ત્રણ-ચાર નોંધ થાય ત્યારે વાલીને ફોન કરી જાણ કરો, શક્ય હોય તો રૂબરૂ બોલાવી વિદ્યાર્થીના અભ્યાસ અને અશિસ્ત અંગેની જાણ કરો. બીજું, શિક્ષકો માત્ર વિદ્યાર્થીની અશિસ્ત અંગે વાલીને ફોન કરે છે. ક્યારેક તેના પ્રશંસનીય કાર્ય કે સારા અભ્યાસ માટે તેના વખાણ કરતાં ફોન પણ કરો. વિદ્યાર્થી અને વાલી બન્નેને ગમશે અને વિદ્યાર્થી અશિસ્ત અંગે વિચાર પણ નહીં કરે.

**(7) અશિસ્તની નોંધનો ચોપડો :** કેટલાક શિક્ષકમિત્રોની ફરિયાદ છે કે સાહેબ, વિદ્યાર્થીઓનાં પ્રગતિપત્રક કે લેશનડાયરીમાં નોંધ કરીએ છીએ. પરંતુ વધારે નોંધ થાય ત્યારે વિદ્યાર્થી જાણી જોઈને પ્રગતિપત્રક કે લેશનડાયરી ગુમ કરી નવી લઈ લે છે. આથી 'ન રહે બાંસ, ન બજે બાંસુરી' જેવો ઘાટ થાય છે. મિત્રો, એનો ઉકેલ છે. અશિસ્ત અંગેની નોંધ કરવાનો અલગ ચોપડો રાખો. તેમાં દરેક વિદ્યાર્થી દીઠ એક-એક પાનું રાખવું. પ્રગતિપત્રક કે લેશનડાયરીમાં નોંધ સાથે સાથે અશિસ્તનાં ચોપડામાં વિદ્યાર્થીના હસ્તાક્ષરમાં નોંધ કરાવવી અને આ ચોપડો તમારી પાસે લોકરમાં મુકી રાખો, જેથી વિદ્યાર્થી અંગેની સંપૂર્ણ વિગત તમારી પાસે રહેશે, જે ઉપયોગી થશે.

**(8) શિક્ષા કરવામાં વિવેકબુદ્ધિ :** ઉપરોક્ત બાબતો અનુસર્યા પછી પણ શિક્ષા કરવાની જરૂર પડે તો શક્ય હોય તો વિદ્યાર્થીની કક્ષા અને તેની ભૂલ કે અશિસ્તને ધ્યાનમાં રાખી લેખનકાર્ય અંગેની શિક્ષા કરવી. જેમ કે આંક, પ્રમેય, નિબંધ, શ્લોકો, પ્રયોગ એવું કંઈક લખવા આપવું. બને ત્યાં સુધી દસ-બાર મિનિટનું કાર્ય આપવું. આવું કરવાથી વિદ્યાર્થીને પણ શિક્ષા થશે અને સાથે તેના અભ્યાસમાં સુધારો થશે. વાલીને શિક્ષા અંગે ફરિયાદ કરવાનો મોકો પણ નહીં મળે.

**(9) શારીરિક શિક્ષાથી દૂર રહેવું :** આજની પરિસ્થિતિમાં વિદ્યાર્થીને શારીરિક શિક્ષા તો કરવી જ નહીં. છતાં શિક્ષા કરવી જ હોયતો હસતાં હસતાં હળવી ટપલી મારવી કે હાળવો ધબ્બો મારવો. તેનાં કોઈ અંગને ઈજા ન થાય તેની કાળજી રાખવી. ખાસ કરીને છોકરીઓને શિક્ષા કરતાં તેના શરીરને સ્પર્શ કરવો જ નહીં. છોકરીઓને શારીરિક શિક્ષા તો ઠીક તેમને શક્ય હોય તો છણકો કરી ધમકાવવાનું પણ ટાળવું.

બીજી એક બાબત ખાસ ધ્યાનમાં રાખવી - શિક્ષા કરતી વખતે હથિયાર કે સાધનનો ઉપયોગ ક્યારેય ન કરવો. જેમ કે સોટી, લાકડી, ડસ્ટર, ફૂટપટ્ટી, વ્યાયામનાં શિક્ષકોએ વ્હિસલની દોરી વગેરેનો ઉપયોગ શિક્ષા કરવા ન કરવો.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક કાર્ય કરીશું તો અશિસ્તનાં પ્રશ્નો ઊભા નહીં થાય અને બાળકોમાં સ્વયમ્ શિસ્ત ઊભી થશે.

# સેવાપોથી ભરવાની સમજૂતી

ડૉ. નરેનસિંહ દેવડા
પ્રિન્સિપાલ, માતૃશ્રી એસ.બી.વી. ચાવડા સરસ્વતી હાઇસ્કૂલ, પાલનપુર

૧. નોકરીના આરંભની તારીખથી નિવૃત્તિની તારીખ સુધી વર્ષવાર પગાર તેમાં બતાવેલ હોવા જોઈએ.

૨. શાળા બદલેલ હોય તો આગલી શાળા છોડ્યા તારીખ અને બીજી શાળામાં જોડાયા તારીખ દરેક તેવા કિસ્સામાં લખેલ હોવી જોઈએ. આ શાળા છોડવાનું કારણ (રાજીનામું તથા ટર્મિનેશન) નોંધાયેલું અનિવાર્ય છે.

૩. પગાર સુધારણા પંચ પ્રમાણે નક્કી થયેલ પગાર અને સમયાનુસાર ઈજાફાથી વધેલ પગારની વર્ષવારની નોંધ સેવાપોથીમાં હોવી જોઈએ.

૪. નોકરીમાં બ્રેક હોય તો તેની નોંધ સેવાપોથીમાં હોવી જોઈએ અને તેમાં કઈ તારીખથી કઈ તારીખ સુધીનો બ્રેક ચોક્કસ અને સ્પષ્ટ બતાવવું. (હવે બ્રેક કોન્ડોન કરાવવા જરૂરી નથી.)

૫. ખાસ પગાર મળતો હોય તો તે પણ સેવાપોથીમાં પગાર વત્તા પગાર વર્ષવાર બતાવવો.

૬. લીધેલ રજાઓ રજાના હિસાબ સાથે મેળવવી જોઈએ. સેવાપોથીમાં લીવ એકાઉન્ટ અપ ટુ ડેટ બનાવેલ હોવા જોઈએ અને લીવ એકાઉન્ટમાં રજાની ખરાઈ પ્રમાણપત્ર શાળાના વડાની સહી સાથે આપવું જોઈએ.

૭. જુનિયર આસિસ્ટન્ટ એકઝામિનરશ્રીએ પે / ફીક્સેસન વેરીફાઈ કર્યા બદલની નોંધ તેમની સહી સાથે હોવી જોઈએ.

૮. સત્રના અંત સુધી નોકરી લંબાવી છે તેની અને નિવૃત્તિની નોંધ સેવાપોથીમાં કરવી.

૯. માન્ય અને અમાન્ય પગારની નોંધ જે તે વર્ષની નોકરીની અને પગારની નોંધ કરવી અને જે પગાર જે વર્ષ અમાન્ય થયો હોય તેની ગ્રાન્ટ અમાન્ય થયાના પત્રકો સેવોપોથીમાં ચોટાડવા.

૧૦. પ્રોવિઝનલ પેન્શનએ ડી.સી.આર.જી., ડી.ઈ.ઓ. તરફથી મંજૂર કરવામાં આવ્યા હોય તો તેની નોંધ સેવાપોથીએ કરવી.

૧૧. ચોથા વર્ગના કર્મચારીના કેસમાં પુનઃનિયુક્તિ આપી હોય તેની અને ચૂકવેલ પગારની નોંધ કરવી.

૧૨. પેન્શન ઓપ્શન ફોર્મ. સંસ્થાનો ફાળો જમા કરાવ્યાના ચલણ, ડી.સી.આર.જી.નું નોમિનેશન ફોર્મ વગેરેની એક વધારાની નકલ સવાપોથીમાં અવશ્ય ચોંટાડવી.

૧૩. જન્મ તારીખની ખરાઈનું પ્રમાણપત્ર સેવાપોથીના પ્રથમ પાના ઉપર રાખવું.

૧૪. તારીખ ૧-૧-૧૯૭૩ પછી પ્રમોશન મળ્યું હોય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પગાર ફિક્શેસન કરીને તેની સહી, સિક્કો સેવાપોથીમાં લગાવવો જોઈએ.

૧૫. બી.ટી.બી.એડ., સી.પી.એડ., ક્રાફ્ટ, સી.સી.સી., હિન્દી જેવા પ્રોફેશનલ તાલીમના કોર્સની અને તેના સમયની નોંધ સેવાપોથીમાં કરવી.

૧૬. એક કરતાં વધારે શાળાની નોકરી હોય તો સેવાપોથીમાં શાળાનું નામ અવશ્ય લખો. શાળાના નામાંધીકરણમાં થયેલ ફેરફારની સામે તેનો આધાર પણ લખવો.

૧૭. જુનિયર આસીસ્ટન્ટ એકઝામીનટરશ્રી તરફથી પગારની વસૂલાત દર્શાવી હોય તો તેની અને હવે વસૂલ કરવાની થતી રકમની નોંધ કરી હોય તેવું પત્રક બનાવીને એક નકલ સેવાપોથીમાં રાખવી.

૧૮. જે નોકરી માટે સેવાપોથી ઉપલબ્ધ ન હોય પણ સર્ટીફીકેટ હોય તો તેને આધારે છેલ્લી સેવાપોથીમાં નોકરીની નોંધ કરવી.

૧૯. જે નોકરીની નોંધ ફક્ત સર્ટિફીકેટના આધારે કરવાની જતી હોય તો તે અંગે બી.એસ.આર. ના નિયમ ૨૭૦-સી પ્રમાણેના પ્રમાણપત્ર સાથે તે નોકરી ની નોંધ સેવાપોથીમાં કરવી.

## સેવાપોથીની સાથે રાખવાના મહત્ત્વના કાગળો

1. મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ.
૨. જ્યારે જ્યારે નવો પગાર સુધાર્યો હોય તેના ઓપ્શન કોર્મ અને પે ફિક્સેસન કોમ.
૩. આચાર્યના કિસ્સામાં આચાર્યનો પગાર નક્કી થયેલ કીક્સેશનના અનેક્ષર કોર્મ.
૪. ડી.ઈ.ઓ. કચેરી તરફથી પગાર નક્કી થયો હોય તે મંજૂરીપત્રની નકલ.
૫. આચાર્ય ઉપાચાર્યના કિસ્સામાં વર્ષવાર / ધોરણવાર શાળાની સંખ્યાનું પત્રક.
૬. પેન્શન ઓપ્શન ફોર્મ.
૭. કુટુંબ પેન્શન ઓપ્શન ફોર્મ.
૮. મૃત્યુસહ નિવૃત્તિને ગ્રેજ્યુટીનિયુક્તિ પત્રક.
૯. કુટુંબ નિવૃત્તિ વેતન માટેની નિયુક્ત.
૧૦. સંસ્થાના ફાળાની વિગતો બતાવતો પત્રક.
૧૧. સી.પી.એફ. સંસ્થા ફાળો ભર્યા અંગેનું મૂળ અસલ ચલણ.
૧૨. બ્રેક કોન્ડોન કરાવ્યા અગે અસલ કાગળો.
૧૩. કુટુંબ પત્રક.
૧૪. પી.એફ., જી.પી.એફ. ના નોમિનેશન ફોર્મ.
૧૫. જુથ વીમા યોજના નોમિનેશન ફોર્મ.
૧૬. સી.સી.સી.ની ઝેરોક્ષ
૧૭. હિન્દી પરીક્ષાની ઝેરોક્ષ

# પરિપત્રો

**Mission Schools of Excellence પ્રોજેક્ટ અંતર્ગત અનુદાનિત પ્રાથમિક, અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ ડિજીટલ સુવિધા પૂરી પાડવા માટે સમાવેશ કરવા બાબત.**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ.
ઠરાવ ક્રમાંક: સશઅ/૧૧૨૦૨૫/૧૩૦/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦/૦૪/૨૦૨૫

**વંચાણે લીધા :**

(૧) શિક્ષણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: બજટ/૧૧૨૦૨૦/૪૮/૫

(૨) સમગ્ર શિક્ષાની કચેરીની તા.૧૨/૦૩/૨૦૨૫ ની સિંગલ ફાઇલ ક્રમાંક: SSA/MIS/2025/43048.

**પ્રસ્તાવના :**

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ(૧) સામેના ઠરાવથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મિશન સ્કૂલ્સ ઑફ એકસેલેન્સ (Mission Schools of Excellence) અંતર્ગત રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓની જેમ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ડિજિટલ સુવિધાઓ અને સવલતો મળી રહે તે માટે રાજ્યની ૯૦ થી વધુ વિદ્યાર્થીઓનું નામાંકન ધરાવતી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ડિજિટલ માળાખાકીય સુવિધાઓ જેવી કે સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ અને સ્ટેમ લેબ જેવી સુવિધા સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા પૂરી પાડવા અંગે કરાવેલ છે.

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ(૨) સામેની સિંગલ ફાઇલથી સમગ્ર શિક્ષાની કચેરીએ મિશન સ્કૂલ્સ ઑફ એકસેલેન્સ (Mission Schools of Excellence) અંતર્ગત આ યોજનાથી બાકી રહેલ રાજ્યની ૫૧૫ અનુદાનિત પ્રાથમિક શાળા અને ૯૦ થી ઓછું વિદ્યાર્થીઓનું નામાંકન ધરાવતી ૧૨૧૨ જેટલી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ડિજિટલ માળખાકીય સુવિધાઓ જેવી કે, સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ જેવી સુવિધા સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા પૂરી પાડવા અંગેની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉપર્યુક્ત વંચાણે લીધેલ કમ(૧) સામેના ઠરાવની શરતો મુજબ મિશન સ્કૂલ્સ ઑફ એકસેલેન્સ (Mission Schools of Excellence) અંતર્ગત રાજ્યની ૫૧૫ અનુદાનિત પ્રાથમિક શાળા અને ૯૦ થી ઓછું વિદ્યાર્થીઓનું નામાંકન ધરાવતી ૧૨૧૨ જેટલી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્કૂલ ઑફ એકસેલેન્સ અન્ડર ઇએપી હેઠળ થયેલ જોગવાઈમાંથી ડિજિટલ માળાખાકીય સુવિધાઓ જેવી કે, સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ જેવી સુવિધા સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા પૂરી પાકવા અંગે આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર સરકારશ્રીની તા. ૦૨/૦૪/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આશિષ ચૌધરી)**
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (શિક્ષણ), નાણાં-વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર..
- કમિશનરશ્રી, કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી. પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી. પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઇલ

**અગત્યનો પરિપત્ર**

ક્રમાંક–મઉમશબ/ક/૪૬૪૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦.બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૪/૧૨/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ),
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ),
ગુજરાત રાજ્ય.

વિષય– ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો, ૨૦૦૫ ના વિનિયમ–૩૦ અને ૩૧ની જોગવાઈમાં થયેલ સુધારાનું અમલીકરણ કરવા બાબત.

સંદર્ભ–(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો,૨૦૦૫. (તા.૩૦/૦૮/૨૦૨૨ થી અદ્યતન)
(૨) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૨૪/ સિ.ફા.૦૨/છ, તા.૦૬/૧૨/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ ક્રમાંક–૨ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો, ૨૦૦૫ ના વિનિયમ–૩૦ અને ૩૧ની હાલની જોગવાઈમાં નીચે મુજબ સુધારો કરવામાં આવેલ છે.

| ક્રમ | સુધારેલ જોગવાઈ |
|---|---|
| ૧ | ૩૦(૩) બોર્ડની મુખ્ય પરીક્ષામાં ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ **GROUP-B** સાથે ઉત્તીર્ણ થયેલ ઉમેદવાર ઈચ્છે તો જે વર્ષે **GROUP-B** સાથે પરીક્ષા પાસ કરી છે તે વર્ષની મુખ્ય પરીક્ષા પછીની તુરત જ ની પૂરક પરીક્ષા અથવા તે પછીના વર્ષોની મુખ્ય પરીક્ષા/પૂરક પરીક્ષા ધોરણ–૧૨ ગણિત વિષય સાથે પૃથક્ ઉમેદવાર તરીકે આપી શકશે. |
| ૨ | ૩૧(૪) (૧) બોર્ડની જાહેર પરીક્ષાનો પુન: પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે.<br>(૨) ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં **GROUP-B** સાથે અનુત્તીર્ણ રહેલ ઉમેદવાર પુન: પરીક્ષાર્થી તરીકે **GROUP-B** ના બદલે **GROUP-A** અથવા **GROUP-AB** પસંદ કરી પરીક્ષા આપી શકશે. |
| ૩ | ૩૧(૫) (૧) ધોરણ–૧૧ વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં અથવા બીજા સત્રના અંત સુધીમાં **GROUP-A** અથવા **GROUP-B** અથવા **GROUP-AB** માંથી કોઈપણ ગ્રૂપ બદલીને ધોરણ–૧૧ નો અભ્યાસ કરી શકશે.<br>૩૧(૫) (૨) જો કોઈ વિદ્યાર્થી ધોરણ–૧૧ વિજ્ઞાન પ્રવાહ **GROUP-A** અથવા **GROUP-B** અથવા **GROUP-AB** સાથે ઉત્તીર્ણ થયેલ હોય તો તે ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કોઈપણ ગ્રૂપ પસંદ કરીને અભ્યાસ કરી શકશે. |

આ સાથે સામેલ ઠરાવ મુજબ પરીક્ષા વિનિયમની હાલની જોગવાઇ–૩૦ અને ૩૧માં થયેલ સુધારાને ધ્યાને લઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ શિક્ષકો/વિદ્યાર્થીઓ/વાલીઓ/સંબંધિત તમામને આ સુધારા અંગે જાણ કરી માર્ગદર્શન આપવાનું રહેશે.

સદર સુધારેલ જોગવાઈ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુઆરી–૨૦૨૫ માં યોજાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર જો કોઈ ઉમેદવાર આ સુધારેલ જોગવાઈનો લાભ લેવા ઈચ્છતા હોય તો તેવા ઉમેદવારોના ફેબ્રુઆરી–૨૦૨૫ની પરીક્ષા માટે ઓનલાઈન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ આઉટમાં ગ્રૂપની સામે લાલ પેનથી સુધારો કરી શાળાના લેટરહેડ આધારસહ સાથે બોર્ડની ગાંધીનગર ખાતેની વિજ્ઞાન પ્રવાહની "ક–શાખા"માં શાળા મારફતે રૂબરૂમાં તા.૦૬/૦૧/૨૦૨૫ સુધીમાં દરખાસ્ત કરવાની રહેશે.

નાયબ અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**બિડાણ** – ઉપર મુજબ

**નકલ રવાના :-**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ) તરફ જાણ તથા તાબા હેઠળની તમામ શાળાઓને જાણ અને અમલવારી સારુ.
- સદર કચેરીના તમામ પરીક્ષા શાખાના વડાશ્રીઓ તરફ જરૂરી આનુષાંગિક કાર્યવાહી કરવા સારુ.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-2005ના વિનિયમ ક્રમાંક 30 અને 31માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : મશબ/1124/સિ.ફા. 02/છ
સચિવાલય, ગાંધીનગર. તા. 6 ડિસેમ્બર, 2024

**વંચાણે લીધા :**

(1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા. 14/06/2024ની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી.

(2) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-2005

**આમુખ :**

શિક્ષણ વિભાગના સંદર્ભ (1) દર્શિત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-2005માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા. 14/06/2024ની સિંગલ ફાઈલ પર વંચાણે લીધેલા ક્રમાંક (2)ના વિનિયમ ક્રમાંક-30 અને 31માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-2005માં આ સાથે સામેલ **પત્રક-અ** મુજબ દર્શાવેલ હાલની જોગવાઈને બદલે સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઇલની તા. 14/06/2024ની નોંધ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એ. જી. ચૌધરી)**
ઉપસચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો, 2005ના વિનિયમ-30 અને 31ની જોગવાઈમાં સુધારો કરવા બાબતના ઠરાવ ક્રમાંક : મશબ/1124/સિં.ફા.02/છ, તા           નું બિડાણ

**પત્રક-અ**

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|---|
| 30 | હાલમાં જોગવાઈ નથી. | 30(3) બોર્ડની મુખ્ય પરીક્ષામાં ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ ગ્રુપ-B સાથે ઉત્તીર્ણ થયેલ ઉમેદવાર ઇચ્છે તો જે વર્ષે ગ્રુપ-B સાથે પરીક્ષા પાસ કરી છે તે વર્ષની મુખ્ય પરીક્ષા પછીની તુરત જ ની પૂરક પરીક્ષા અથવા તે પછીના વર્ષોની મુખ્ય પરીક્ષા/પૂરક પરીક્ષા ધોરણ-12 ગણિત વિષય સાથે પૃથક્ ઉમેદવાર તરીકે આપી શકશે. |
| 31 | 31(4) બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે. | 31(4) (1) બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે.<br>(2) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં ગ્રુપ-B સાથે અનુત્તીર્ણ રહેલ ઉમેદવાર પુનઃ પરીક્ષાર્થી તરીકે ગ્રુપ-Bના બદલે ગ્રુપ-A અથવા ગ્રુપ-AB પસંદ કરી પરીક્ષા આપી શકશે. |
| | 31(5) ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં ગ્રુપ-A, B અને ABમાંથી કોઈ પણ ગ્રુપમાં બદલીને ફેરફાર કરી શકશે. | (1) ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં અથવા બીજા સત્રના અંત સુધીમાં ગ્રુપ-A અથવા ગ્રુપ-B અથવા ગ્રુપ-ABમાંથી કોઈપણ ગ્રુપ બદલીને ધોરણ-11નો અભ્યાસ કરી શકશે.<br>(2) જો કોઈ વિદ્યાર્થી ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહ ગ્રુપ-A અથવા ગ્રુપ-B અથવા ગ્રુપ-AB સાથે ઉત્તીર્ણ થયેલ હોય તો તે ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં કોઈપણ ગ્રુપ પસંદ કરી અભ્યાસ કરી શકશે. |

**(એ. જી. ચૌધરી)** ઉપસચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર


પ્રાજસ્વ For Education
જિલ્લા શિક્ષણાધિકારી / એજ્યુકેશન ઇન્સ્પેક્ટર કેડર
GPSC
ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-1 અને વર્ગ-૨ (વહીવટી શાખા) DEO | DPEO | TPEO ની 300થી વધુ જગ્યાઓ માટે
LIVE + RECORDED BATCH
Fees ₹ 21000/-
પેપર -૨ Special Book FREE
શું આપ શિક્ષક તરીકે પાંચ વર્ષનો અનુભવ ધરાવો છો ?
Target AEIAT 200થી વધુ જગ્યાઓ
AEI
આસિસ્ટન્ટ એજ્યુકેશન ઇન્સ્પેક્ટર
LIVE + RECORDED BATCH
Fees ₹ 9999/-
AEIAT Special Book FREE
વિશેષતા
- 2 વર્ષની કોર્ષ વેલિડીટી
- ગુજરાતની સર્વશ્રેષ્ઠ ફેકલ્ટી ટીમ
- Live + Recorded Batch
- દરેક વિષયનું અધ્યતન મટીરીયલ
- નિયમિત Mock Test
- Free Mentorship
GPSCનું છેલ્લા પાંચ વર્ષમાં શ્રેષ્ઠ પરીણામ આપતી સંસ્થા પ્રાજસ્વ ફાઉન્ડેશન અને 35 થી વધુ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા સીધુ માર્ગ દર્શન
Admission Open
બેચમાં જોડાવા માટે QR CODE SCAN કરો
ડૉ. યુ.એન.રાઠોડ
પૂર્વ DEO
Call For more info
9664948280
મહેશ મહેતા
પૂર્વ સંયુક્ત નિયામક, કમિશનર શાળાઓની કચેરી

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

# School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

**અમારા અન્ય સોફ્ટવેર**

- OMR Solution (OMR Sheet Scanner)
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- Online Examination (MCQ) System

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ



* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of 10th & 12th
Message from Principal ( Appeal )
Message from President or Managing Trustee ( Appeal )
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.




**કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો**

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad – 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 – 26870704,
079 – 40054004






| | |
|---|---|
| રવાના :<br>**શ્રી અમિત આર. પંડ્યા**<br>શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,<br>સુખરામ નગર, ગોમતીપુર,<br>અમદાવાદ-૩૮૦૦૨૧<br>મો. ૯૯૭૪૫૨૫૨૩૨ | બુક-પોસ્ટ<br><br>પ્રતિ, શ્રી, ____________________<br>____________________<br>____________________ |

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.